dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 97 | AD - 2025, Paush Sud - 10 | Thursday, Dt.09-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## રાજ્યો પાસે એવા લોકોને મફત વેતન આપવા માટે પૂરતા પૈસા છે જેઓ કામ કરતા નથી

# રાજય સરકારોની મફતની રેવડી પર સુપ્રીમ કોર્ટ ખફા

નવી દિલ્હી, તા.૦૮

દેશમાં ચૂંટણી સમયે, વિવિધ રાજ્યોની સરકારો જનતાને આકર્ષવા માટે ઘણી ફ્રીબી એટલે કે ફ્રીબીઝના વિતરણની જાહેરાત કરે છે. સામાન્ય મતદારો સુધી પહોંચવા માટે તમામ રાજકીય પક્ષો પોતપોતાની રીતે વિવિધ પ્રકારની જાહેરાતો કરે છે. કેટલાક મહિલાઓને દર મહિને ૧૦૦૦ રૂપિયા આપવાની વાત કરે છે, જ્યારે કેટલાક સત્તામાં આવે તો મહિલાઓને ૨૫૦૦ રૂપિયા સુધી આપવાની વાત કરે છે. અલગ-અલગ રાજકીય પક્ષો અલગ-અલગ વયજૂથ પ્રમાણે અલગ-અલગ રેવડીઓની જાહેરાત કરી રહ્યાં છે. ચૂંટણી પહેલા અને પછી આને લઈને ઘણી ચર્ચાઓ થઈ છે. ઘણા રાજકીય પક્ષો તેને જાહેર કલ્યાણ સાથે સાંકળે છે જ્યારે અન્ય તેને પૈસાનો બગાડ કહે છે.

હવે પહેલીવાર સુપ્રીમ કોર્ટે આ મામલે રાજ્ય સરકારોને ફટકાર લગાવી છે. આ ઠપકો અન્ય એક કેસની સુનાવણી દરમિયાન લગાવવામાં આવ્યો છે. જજોના પગાર અને પેન્શનની સુનાવણી દરમિયાન મંગળવારે સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે રાજ્યો પાસે એવા લોકોને મફત વેતન આપવા માટે પૂરતા પૈસા છે જેઓ કામ કરતા નથી, પરંતુ તેઓ જિલ્લા કોર્ટના ન્યાયાધીશોને પગાર અને પેન્શન ચૂકવવામાં આર્થિક સંકટનો સામનો કરે છે. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ એજી મસીહની બેન્ચે એટર્ની



જનરલ ઑફ ઈન્ડિયા (એજી) આર વેંકટરામાણીની અરજીના જવાબમાં આ ટિપ્પણી કરી હતી.

એજીએ જણાવ્યું હતું કે ન્યાયિક અધિકારીઓના પગાર અને નિવૃત્તિ લાભો અંગે નિર્ણય લેતી વખતે સરકારે નાણાકીય અવરોધોને ધ્યાનમાં લેવા પડશે. સુનાવણી દરમિયાન દિલ્હીમાં ચૂંટણી પહેલા રાજકીય પક્ષોના વચનો પણ ટાંકવામાં આવ્યા હતા. જસ્ટિસ ગવઈએ મહારાષ્ટ્રની લાડલી બેહન યોજનાનો પણ ઉલ્લેખ કર્યો છે. જસ્ટિસ ગવઈએ આ કેસમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા લાડલી-બહના યોજના અને રાષ્ટ્રીય રાજધાનીમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા વિવિધ રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવેલા તાજેતરના વચનોનો ઉલ્લેખ કર્યો હતો.

દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાતને લઈને ચૂંટણી પંચે મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રેસ કોન્ફરન્સ દિલ્હીમાં ચૂંટણીની તારીખોની જાહેરાતને લઈને હતી, પરંતુ આ દરમિયાન ચૂંટણી કમિશનરે ચૂંટણી દરમિયાન ફ્રીબી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. ગઈકાલે દિલ્હી વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરતી વખતે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે પણ ફ્રીબી પર પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું હતું કે રમખાણોને લઈને અમારા હાથ બંધાયેલા છે. આ અર્થશાસ્ત્રનો વિષય છે. જો કે આ દરમિયાન તેમણે કહ્યું કે અમે એક ઔપચારિકતા લાવી રહ્યા છીએ, જે વાયદાઓ માટે પૈસા ક્યાંથી લાવવામાં આવશે તે દરેક રાજકીય પાર્ટીએ જનતાને જણાવવું પડશે.







# ચીનના બ્રહ્મપુત્રા ડેમ પ્રોજેક્ટ પર ભારત એલર્ટ : રક્ષા મંત્રી રાજનાથ



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૦૮

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે તિબેટમાં ભારતની સરહદ નજીક બ્રહ્મપુત્રા નદી પર એક વિશાળ ડેમ બનાવવાની ચીનની યોજના અંગે સરકાર સાવચેત છે. ચીને બ્રહ્મપુત્રા પર વિશ્વનો સૌથી મોટો બંધ બનાવવાની યોજનાની જાહેરાત કર્યાના દિવસો પછી, ભારતે કહ્યું કે તે તેના હિતોની સુરક્ષા માટે દેખરેખ રાખવાનું અને જરૂરી પગલાં લેવાનું ચાલુ રાખશે. નવી દિલ્હીએ બેઈજિંગને એ સુનિશ્ચિત કરવા પણ વિનંતી કરી છે કે બ્રહ્મપુત્રાના ડાઉનસ્ટ્રીમ વિસ્તારોના હિતોને ઉપરના વિસ્તારોમાં થતી પ્રવૃત્તિઓથી નુકસાન ન થાય. અહીં એક કાર્યક્રમ દરમિયાન જ્યારે ડેમ વિશે પૂછવામાં આવ્યું ત્યારે સંરક્ષણ પ્રધાને કહ્યું, 'ભારત સરકાર સતર્ક છે.' 'પહેલાં જ્યારે ભારત આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર બોલતું હતું, ત્યારે લોકો તેને ગંભીરતાથી લેતા ન હતા, પરંતુ હવે જ્યારે ભારત બોલે છે ત્યારે વિશ્વ સાંભળે છે.' તેમણે કહ્યું, ''ભારત દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે. અગાઉ (વૈશ્વિક સ્તરે) અર્થતંત્ર ૧૧મા સ્થાને હતું.




# ઈસરોના નવા વડા તરીકે વી નારાયણનની પસંદગી

નવી દિલ્હી, તા.૦૮

વી નારાયણન ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ના નવા અધ્યક્ષ બનશે. ભારત સરકારે મંગળવારે આ જાણકારી આપી. વી નારાયણન ઈસરોના અધ્યક્ષ તરીકે ડૉ. એસ સોમનાથનું સ્થાન લેશે. વી નારાયણન અવકાશ વિભાગના સચિવ તરીકે પણ કાર્યભાર સંભાળશે. કેબિનેટની નિમણૂક સમિતિના આદેશ મુજબ, વી નારાયણન ૧૪ જાન્યુઆરીએ વર્તમાન ઈસરોના વડા એસ સોમનાથના સ્થાને ચાર્જ સંભાળશે. તેઓ આગામી બે વર્ષ સુધી અથવા આગળની સૂચના ન મળે ત્યાં સુધી આ પદની જવાબદારી સંભાળશે. વી નારાયણન રોકેટ અને અવકાશયાન પ્રોપલ્શનમાં લગભગ ચાર દાયકાનો અનુભવ ધરાવતા પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક છે. તે રોકેટ અને સ્પેસક્રાફ્ટ પ્રોપલ્શન એક્સપર્ટ છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા. ૦૯-૦૧-૨૦૨૫

# રાજુલા પોલીસની સફળતા, દીયોદર પોલીસ સ્ટેશનનો વોન્ટેડ આરોપી ઝડપાયો

રાજુલા, તા.૦૮



રાજુલા પોલીસે એક મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. બનાસકાંઠા જિલ્લાના દીયોદર પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં છેલ્લા આઠ મહિનાથી નાસતા ફરતા અને BNSS કલમ ૭૨ મુજબનું વોરંટ ધરાવતા આરોપીને રાજુલા સર્વેલન્સ પોલીસ ટીમે ઝડપી પાડ્યો છે. ભાવનગર રેન્જ IG ગૌતમ પરમાર અને અમરેલી SP સંજય ખરાતની સૂચના મુજબ, મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના PI વી.એમ. કોલાદરાની આગેવાનીમાં સર્વેલન્સ સ્કવોડે આ કામગીરીને અંજામ આપ્યો હતો. આરોપી પ્રતાપભાઈ ઉર્ફે બાવલો પુનાભાઈ સોલંકી (ઉ.વ.૨૦, રહે. તત્વજયોતી, રાજુલા)ને રાજુલા ટાઉનમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને BNSS કલમ ૩૫(૧)(j) મુજબ કાર્યવાહી કરી દીયોદર પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ કરવામાં આવી છે. આ સફળ કામગીરીમાં રાજુલા પોલીસ સ્ટેશનના PI વી.એમ. કોલાદરા સહિત સર્વેલન્સ સ્કવોડના ASI મધુભાઈ પોપટ અને અન્ય પોલીસ કર્મચારીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.

# સા.કુંડલાના બાઢડાથી રામગઢ સુધીના રોડની સ્થિતિ દયનીય

સા.કુંડલા, તા.૮



સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામેથી પસાર થતો નેશનલ હાઈવે રામગઢ સુધી અત્યંત ભયજનક સ્થિતિમાં છે. આ રોડ પરથી મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે અને છાશવારે આ રસ્તા ઉપર ટુ-વ્હીલ ચાલકો અકસ્માતનો ભોગ બનતા હોય છે. રોડને લઈ અનેક વખત તંત્રને રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ સાંભળતું નથી. જેના કારણે પાડાના વાંકે પખાલીને

**તંત્રમાં અનેક વાર રજૂઆત કરાઈ છતાં નિવારણ આવતું નથી**

ડામ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ રોડનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી રામગઢના ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી હતી.

# બાબરાના ખીજડીયા કોટડા ગામે યુવતીને તું કેમ તારા મામાને ફોન કરે છે તેમ કહી ઢીકાપાટુ માર્યા

બાબરા, તા.૦૮

બાબરાના ખીજડીયા કોટડા ગામે રહેતી એક યુવતીને તું કેમ તારા મામાને ફોન કરે છે તેમ કહી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે તેજલબેન વાલજીભાઈ માધડ (ઉ.વ.૧૯) એ હંસાબેન નાનજીભાઈ માધડ, અલ્કાબેન નાનજીભાઈ માધડ, કલીબેન નાનજીભાઈ માધડ, જીગાભાઈ નાનજીભાઈ માધડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ ઘરે એકલા હતા ત્યારે આરોપી આવી ગાળો આપવા લાગ્યા હતા. તેમજ તું કેમ તારા મામાને ફોન કરે છે કહી ઢીકાપાટુ માર્યા હતા. ઉપરાંત ઈંટ લઈને છાતી ઉપર મારી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.વી. સિંઘવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા રૂરલ પોલીસની માનવતા મહેકી: વૃદ્ધાશ્રમમાં ધાબળાનું વિતરણ

સાવરકુંડલા, તા.૦૮



અમરેલી જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સાવરકુંડલા રૂરલ પોલીસે માનવતાની મહેક પ્રસરાવતી અનોખી પહેલ કરી છે. શિયાળાની કડકડતી ઠંડીમાં 'માબાપનું ઘર' વૃદ્ધાશ્રમની માનસિક વિકલાંગ મહિલાઓને ગરમ ધાબળાનું વિતરણ કરી પોલીસે માનવીય સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે આ સેવાકીય પ્રવૃત્તિમાં અમરેલીના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય, રૂરલ PI ચૌધરી, PSI મુસાર સાહેબ તેમજ મહિલા પોલીસ શી-ટીમ અને પોલીસ સ્ટાફે સક્રિય ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમ દ્વારા પોલીસ તંત્રે સાબિત કર્યું છે કે તેઓ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું જ નહીં, પરંતુ માનવીય સંવેદનાઓને પણ એટલું જ મહત્વ આપે છે. જ્યારે દેહ ઠંડીથી થરથર ધ્રૂજી રહ્યો હોય ત્યારે જરૂરિયાતમંદોને ગરમ વસ્ત્રોની સખત જરૂર પડે છે. ત્યારે સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલા શહેરમાં ઔદિચ્ય બ્રહ્મસમાજનો રમોત્સવ યોજાયો

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલામાં ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિવિધ રમતો જેવી કે, વન મિનિટ, લીંબુ ચમચી, સંગીત ખુરશી, રસ્સા ખેંચ, ચિઠ્ઠી ઉપાડ વગેરે રમતોનું આયોજન થયુ હતું. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તથા વિજેતાને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું.

# બોગસ લેટરકાંડની તપાસ નિર્લિપ્ત રાય પાસે કરાવવા નાથાલાલ સુખડીયાની રજૂઆત

અમરેલી, તા.૦૮



અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયાના લેટરપેડનો ઉપયોગ કરી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને ખોટી રીતે બદનામ કરવાના કાવતરાની તપાસ આઈ.પી.એસ. અધિકારી નિર્લિપ્ત રાય પાસે કરાવવા રજૂઆત કરવામાં આવી છે. દેવભૂમિ દેવળીયાના અગ્રણી નાથાલાલ સુખડીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રજૂઆત કરતા જણાવ્યું છે કે, જિલ્લામાં અરાજકતા ઉભી કરવા થયેલા ગંભીર કાવતરાના મૂળ સુધી પહોંચવા નિર્લિપ્ત રાયનાં વડપણ હેઠળ તપાસ થાય તો ઈ-મેઈલ આઈ.ડી. સહિતનાં પુરાવાઓ મળી શકે તેમ હોય કાયદેસર પગલા ભરવા તપાસ સોંપવા વિનંતી કરી છે.

# ધારી તાલુકા ખેલ મહાકુંભમાં હિરાવાની વિદ્યાર્થિની ચમકી

ધારી, તા.૦૮



હિરાવા પ્રાથમિક શાળાની ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દર્શના રમેશભાઈ સાંખટે તારીખ ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ધારી તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં શાનદાર દેખાવ કર્યો છે. અંડર-૧૪ વિભાગની એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં દર્શનાએ ૧૦૦ મીટર દોડમાં બીજું સ્થાન અને ૨૦૦ મીટર દોડમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ બદલ શાળા પરિવાર તરફથી દર્શનાને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# લીલીયા તાલુકાનાં હરીપર પ્રા.શાળાની આકસ્મિક મુલાકાત લેતા ભીખુભાઈ ધોરાજીયા

લીલીયા, તા.૦૮



લીલીયા તાલુકાનાં હરીપર પ્રાથમિક શાળાની આકસ્મિક મુલાકાત ભાજપ અગ્રણી ભીખુભાઈ ધોરાજીયાએ લીધી હતી. બાળકો સાથે વિચારગોષ્ઠી કરી અને વકતવ્ય રજૂ કરી ઉજળા ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી. શાળાની વિવિધ પ્રવૃત્તિઓ નિહાળી ખુશી વ્યકત કરી હતી. તેમ રાજેશભાઈ પાનસુરીયાની યાદીમાં જણાવાયું છે.

# બગસરા શહેરમાં તંત્ર દ્વારા મેગા ડિમોલેશનમાં ગેરકાયદે બાંધકામો તોડાયા

બગસરા, તા.૦૮


તસવીર : હાર્દિક બામટા

બગસરામાં છેલ્લા ઘણા સમયથી જેતપુર રોડ પર થયેલ આડેધડ દબાણ દૂર કરવા તંત્રએ કામગીરી હાથ ધરી છે. જે અન્વયે આજે વિવાદિત સખી હોટેલ પર પણ બુલડોઝર ફેરવાયું હતું. આ ઉપરાંત દબાણ કરનારા અન્ય ૩૨ લોકોને નોટિસ આપવામાં આવી છે. શહેરના બાયપાસ નજીકની સખી હોટલના માલિકે જમીન કાયદેસર કરવા દાદ માગી હતી. પરંતુ સરકારી જમીન પર દબાણ હોવાથી ત્રણ નોટિસ આપ્યા બાદ આજે તેને તોડીને જમીનને ખુલ્લી કરી હતી. વધુમાં હુડકો વિસ્તારથી ભૂતનાથ મંદિર સુધીના રોડ પર થયેલા વિવિધ દબાણ દૂર કરવા માટે તંત્રએ ૩૨ લોકોને આજે નોટિસ પાઠવી છે. જો તેઓ જાતે દબાણ દૂર નહીં કરે તો આગામી દિવસોમાં ત્યાં પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે એવું નગરપાલિકા અને પ્રાંત અધિકારી દ્વારા જણાવવામાં આવેલ છે. આ તકે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલે જેતપુર રોડ પરના તમામ દબાણો દૂર કરવા માટે માંગણી કરેલ છે.

# અમરેલી-ભાવનગર વાયા નાના કણકોટ એસ.ટી. બસને નિયમિત ચલાવવા માગ

**નાના કણકોટના સરપંચે સાંસદને પત્ર લખ્યો**

લીલીયા, તા.૦૮

લીલીયા મોટાના નાના કણકોટના સરપંચે અમરેલીના સાંસદને પત્ર લખીને વાયા કણકોટ અને ગારીયાધારથી ભાવનગર જતી બસને નિયમિત ચલાવવા માગ કરી છે. સાંસદ ભરતભાઈ સુતરીયાને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, અમરેલીથી સવારે ઉપડતી આ બસ નાના કણકોટ થઈને જાય છે. આ બસમાં ગારીયાધાર કે શાખપુર જતા વિદ્યાર્થીઓ અપ-ડાઉન કરે છે. આ ઉપરાંત દર્દીઓ ભાવનગર જવા માટે પણ આ બસનો વધુ ઉપયોગ કરે છે. પરંતુ આ બસને વારંવાર બંધ રાખવામાં આવે છે અને તે અંગે જાણ પણ કરવામાં આવતી નથી. આથી વિદ્યાર્થીઓ અને દર્દીઓ ઘણા પરેશાન થાય છે. આ બસનું નિયમિત સંચાલન થાય અને તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવે તેવી માગણી લોકો દ્વારા કરવામાં આવી છે.

## રાજુલામાંથી દેશી દારૂ બનાવવાનો ૨૦૦ લીટર આથો પકડાયો

રાજુલા, તા.૮

રાજુલામાંથી પોલીસે દેશી દારૂ બનાવવાનો ૨૦૦ લીટર આથો ઝડપી પાડ્યો હતો. પોલીસે દેશી દારૂ સહિત કુલ ૧૧,૨૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દોલતી ગામેથી પણ ૩૦ લીટર આથો પકડાયો હતો. શાપર, કડિયાળી અને રાજુલામાંથી એક-એક મળી ત્રણ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## પાયલ ગોટીએ પોલીસ અધિક્ષકની હાજરીમાં મેડિકલ ચેકઅપનો ઈન્કાર કર્યો

# પાયલ ગોટીના મેડિકલ ચેકઅપના ઈનકાર પાછળનું કારણ શું ???

અમરેલી, તા.૦૮

અમરેલી સહિત સમગ્ર રાજયમાં ચકચાર જગાવનાર બોગસ લેટરકાંડના આરોપીઓની ધરપકડ અને ત્યારબાદની ઘટનાઓ દરરોજ ચકચાર જગાવી રહી છે. આ ઘટનામાં મહિલા આરોપી તરીકે પાયલ ગોટીનું નામ અને ત્યારબાદ તેને ખોટી રીતે ફસાવી દેવાનો વિરોધ અને જામીન આ તમામ ઘટનાઓમાં દરરોજ કંઈકને કંઈક નિતનવા વળાંકો આવી રહ્યાં છે. પાયલ ગોટીને પોલીસ કસ્ટડીમાં માર મારવાના આક્ષેપો બાદ એસ.પી. સંજય ખરાતે S.I.T ની રચના કરી અને આ ટીમ મેડિકલ તપાસ માટે રાત્રે પાયલ ગોટીને હોસ્પિટલ લઈ જઈ રહી હતી ત્યારે તેને રોકી બીજા દિવસે સવારે મેડિકલ ચેકઅપ કરવા માટે પાયલ ગોટીએ જણાવ્યું હતું.



પરંતુ બીજા દિવસે સવારે અધિકારીઓ જયારે તેમને લેવા માટે વિઠ્ઠલપુર ગયા ત્યારે તેમણે મેડિકલ ચેકઅપ માટે સ્પષ્ટ ના ભણી દીધી હતી. ત્યારે બુધવારે ચાર વાગ્યાના અરસામાં પાયલ ગોટી એસપી ઓફિસ પહોંચ્યા હતા, જેની સાથે વકીલ સહિત જેનીબેન ઠુમ્મર પણ હાજર રહ્યાં હતા. જિલ્લા પોલીસ વડાની કચેરીમાં પોલીસે પૂછપરછ કરતા મેડિકલ ચેકઅપ કરવાની ના પાડી દીધી હતી. એક તરફ પોલીસ કસ્ટડીમાં માર મારવાની વાત કરવામાં આવે છે અને બીજી તરફ મેડિકલ ચેકઅપનાં ઈનકાર પાછળનું કારણ શું છે ? તે પણ એક ચર્ચાનો વિષય બન્યો છે. સમગ્ર ઘટનાક્રમમાં નિર્દોષ દીકરીને ન્યાય મળે પરંતુ તે રાજકીય કાવાદાવામાં તો નથી ફસાણીને તે પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

**ગઈકાલે રાત્રે મેડિકલ ચેકઅપ માટે પોલીસની ટીમ ડોકટરોને લઈ ઘરે પણ પહોંચી હતી**

## હરસુરપુર દેવળીયા હામનાથ મહાદેવના પૂજારી સ્વ.રમેશગીરી મોજગીરી કૈલાસવાસી થયા

અમરેલી,તા.૦૮



બાબરાના હરસુરપુર દેવળીયાના હામનાથ મહાદેવના પૂજારી રમેશગીરી મોજગીરી તા.૨૯/૧૨/૨૪ના રોજ કૈલાસવાસી થયેલ છે. આથી, હરસુપુર દેવળીયા અને આજુબાજુ ગામના ભાવિક ભક્તોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. તે જગદીશગીરી, ભુપતગીરી, શિવગીરીના ભાઈ તથા રમાબેન નટવરપરી (બાંભણીયાના ભાઈ) તથા પરેશગીરી, હરેશગીરી, મેડી, તરવડાના બનેવી તથા સાગરગીરી, મિલનગીરીના પિતાશ્રી તથા શ્રધ્ધાબેન હાર્દિકગીરીના સસરા થાય છે. તેમની ધાર્મિકવિધિ શક્તિપૂજન ભંડારો તા.૦૯/૦૧/૨૫ના રોજ ગુરૂવારે હરસુરપુર દેવળીયા મુકામે રાખેલ છે. તા.૦૯/૦૧/૨૫ને રાત્રિના ૧૦ કલાકે સુપ્રસિધ્ધ ભજનીક હરસુખગીરી બાપુના ભજન ભાવ રાખેલ છે. ભજનપ્રેમીને લાભ લેવા હામનાથ મહાદેવ પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અમરેલીમાં લેટરકાંડ મામલે વકીલ આનંદ યાજ્ઞિકનાં પોલીસ સામે આક્ષેપો

અમરેલી, તા.૦૮



અમરેલી લેટરકાંડમાં ધરપકડ કરાયેલ પાયલ ગોટીનાં મામલે એડવોકેટ આનંદ યાજ્ઞિક રજૂઆત કરવા માટે અમરેલી એસ.પી. કચેરીએ પહોંચ્યા હતા. જેમાં તેમણે જિલ્લા પોલીસ વડા દ્વારા સીટની રચના કરવામાં આવી હોય તેનો અસ્વીકાર કર્યો હતો અને આઈ.જી. કક્ષાના અધિકારીને તપાસ સોંપવામાં આવે તેવી માંગ કરી હતી. વિઠ્ઠલપુર ગામે પોલીસ રક્ષણ મુકાયેલું હોય તે પણ તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે, આરોપીઓને માર મારવામાં સામેલ તમામ પોલીસ વિરૂદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી છે. આગામી દિવસોમાં ડીજીને મળીને રૂબરૂ રજૂઆત કરવામાં આવશે. ઉપરાંત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવાની વાત પણ તેમણે જણાવી હતી.

## H.M.P.V. વાયરસ સામેની તૈયારીઓ: અમરેલીમાં આઈસોલેશન વોર્ડ તૈયાર

### શાંતાબા જનરલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા તૈયારીઓ કરાઈ

અમરેલી, તા.૦૮

ચીનમાં ફેલાયેલા નવા વાયરસ એચ.એમ.પી.વી. સામે લડવા માટે અમરેલી જિલ્લામાં આરોગ્ય વિભાગ અને શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. બાળકો અને વૃદ્ધને નિશાન બનાવતા આ રોગને રોકવા શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૩૦ બેડનો અલાયદો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે.

આ વોર્ડમાં પીડિયાટ્રીશીયન અને મેડિકલ ઓફિસર સહિતની ટીમ તૈનાત રહેશે. જરૂર પડયે વધારે બેડ સાથે અલાયદો વોર્ડ તૈયાર કરવાની પણ શાંતાબા જનરલ હોસ્પિટલનાં મેનેજમેન્ટ દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

## આજે પરેશ ધાનાણી એક દિવસ માટેનાં ધરણા પર બેસશે




અમરેલી, તા.૦૮

અમરેલીમાં લેટરકાંડને લઈ રાજનીતિ આક્રમક બની છે. રાજકમલ ચોકમાં પાયલ ગોટી મુદ્દે ભાજપ સામે જાહેરમાં ચર્ચા કરવા પહોંચેલા પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત, જેનીબેન ઠુંમર, વીરજી ઠુંમર સહિતના કોંગ્રેસ નેતાઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને લેટરકાંડમાં નિર્દોષ દીકરી પર કરેલા અત્યાચારમાં સામેલ લોકો સામે કાર્યવાહી કરવા માંગ કરી હતી. અને આજે રાજકમલ ચોકમાં સવારે ૧૦ કલાકે પરેશ ધાનાણી એક દિવસનાં પ્રતિક ઉપવાસ પર બેસશે.


ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક: ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત: ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝયુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338


**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૫૪/૨૦૨૪

અરજદાર :- શ્રી સાંખટ દાદુભાઈ જીવાભાઈ
સરનામું :- મું.બાબરકોટ તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના શ્રી **સાંખટ દાદુભાઈ જીવાભાઈ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી પુનીબેન જીવાભાઈ સાંખટ નું મરણ તા.૧૦/૦૧/૧૯૮૪ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૬ માહે.ડીસેમ્બર સને.૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૨૬/૧૨/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079


**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૫૬/૨૦૨૪

અરજદાર :- શ્રી સાંખટ ફકીરભાઈ ચીથરભાઈ
સરનામું :- મું.બાબરકોટ તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના શ્રી **સાંખટ ફકીરભાઈ ચીથરભાઈ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી સોનાબેન ચીથરભાઈ સાંખટ નું મરણ તા.૧૦/૧૦/૨૦૦૪ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૬ માહે.ડીસેમ્બર સને.૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૨૬/૧૨/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ધારી નજીક દલખાણીયા ગામે સિંહનો ખેડૂત પર જીવલેણ હુમલો

**ઈજાગ્રસ્ત ખેડૂતને અમરેલી સિવિલમાં ખસેડાયા, વન વિભાગે સિંહને પકડવા પિંજરા ગોઠવ્યા**

ધારી,તા.૦૮

ધારી તાલુકાના દલખાણીયા ગામની સીમમાં આવેલી પોતાની વાડીમાં કામ કરી રહેલા બટુકભાઈ યાદવ નામના ખેડૂત ઉપર સિંહે અચાનક હુમલો કર્યો



હતો. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ખેડૂતને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ ધારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ધારી સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર દરમિયાન ખેડૂતની સ્થિતિ વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સિંહને પકડવા માટે વિસ્તારમાં પિંજરા મૂકવાની કામગીરી શરૂ કરી દીધી છે.

# બગસરા તાલુકાના પીઠડીયા ચોકડીથી કુંકાવાવ-દેરડીનો રસ્તો બિસ્માર હાલતમાં

બગસરા,તા.૦૮

બગસરા તાલુકામાં પીઠડીયા ચોકડીથી કુંકાવાવ-દેરડી સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં હોવાથી તેને નવો બનાવવા માર્કેટિંગ યાર્ડના ચેરમેન દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. બગસરા તાલુકાના છેવાડાના ગામોના રસ્તા છેલ્લા ઘણા સમયથી મગરની પીઠ સમાન



બની ગયેલ છે. બગસરાથી રાજકોટને જોડતો આ મુખ્ય રસ્તો નબળો પડતા લોકોને રાજકોટથી ટ્રેન અને વિમાન સેવા મેળવવામાં પણ સમયનો વ્યય થઈ રહ્યો છે. રસ્તાની નબળી પરિસ્થિતિને કારણે વાહનચાલકો પણ ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યા છે તેમજ ગમે ત્યારે મોટો અકસ્માત બની શકે તેમ છે. છેલ્લા ઘણા સમયથી આ રસ્તો નવો બનાવવા માટે લોકો માગણી કરે છે તેમ છતાં તેનું કામ શરૂ ન થતા બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ સતાસિયાએ તે મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરેલ છે.

# ખાંભાના ધાવડીયા ગામે માથાકૂટ નહીં કરવાનું કહેતા પથ્થરના ઘા માર્યા

ખાંભા, તા.૦૮

ખાંભાના ધાવડીયા ગામે રહેતા એક પુરુષે માથાકૂટ નહીં કરવાનું કહેતા પથ્થરના છુટ્ટા ઘા મારવામાં આવ્યા હતા. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. બનાવ અંગે રવજીભાઈ મનજીભાઈ ટાપણીયા (ઉ.વ.૫૯)એ રામજીભાઈ અરજણભાઈ ટાપણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ધાવડીયા ગામે પાતળા રોડે તળાવ વાળા ઢોરે આવેલ વડીલોપાર્જીત જમીન વિપુલભાઈ દુર્લભભાઈ હડીયાને વેચાણ દસ્તાવેજથી વેચી હતી. આરોપીઓ વિપુલભાઈ સાથે માથાકૂટ કરતા હતા. તેથી વિપુલભાઈએ તેમને તથા તેના મોટાભાઈ સાહેદ શંભુભાઈ મનજીભાઈ ટાપણીયાને ફોન કરી બોલાવ્યા હતા. તેમણે આરોપીને વિપુલભાઈ સાથે માથાકૂટ નહી કરવાનું કહેતા પથ્થરના છુટ્ટા ઘા મારી ઈજા પહોંચાડી જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

# સાવરકુંડલાની મહિલા કોલેજ દ્વારા બાબાપુર ગામમાં સાત દિવસીય સ્વચ્છતા અભિયાન

સાવરકુંડલા,તા.૦૮

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આટ્ર્સ કોલેજ સાવરકુંડલાના એન.એસ.એસ. વિભાગ દ્વારા બાબાપુર ગામમાં એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી રહી છે. આગામી સાત દિવસ દરમિયાન ગામમાં વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે, જેમાં ગ્રામ સફાઈ અને



પ્લાસ્ટિક મુક્ત અભિયાન મુખ્ય આકર્ષણ રહેશે. આ અભિયાન અંતર્ગત માત્ર સફાઈ જ નહીં, પરંતુ કલા, સાહિત્ય, જ્ઞાન અને સંસ્કૃતિ સંબંધિત વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના પ્રોગ્રામ ઓફિસર તરીકે ડૉ. હરિતા જોશી અને ડૉ. કે.પી. વાળા જવાબદારી સંભાળશે. આ શિબિરને સફળ બનાવવા માટે બાબાપુરના સર્વોદય સરસ્વતી મંદિરના નિયામક મંદાકિનીબેન પુરોહિત અને તેમની ટીમ, ગામના સરપંચ તેમજ ગ્રામજનો તરફથી ભરપૂર સહયોગ મળી રહ્યો છે. આ સામૂહિક પ્રયાસથી ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન મળશે એવી આશા છે.

# મોટી કુંકાવાવ ગામે પત્નીસાથે ફોનમાં વાત ન કરાવતાં પતિને ધમકી આપી

મોટી કુંકાવાવ, તા.૦૮

વડીયાના મોટી કુંકાવાવ ગામે રહેતા રણજીતભાઈ કાથડભાઈ ડવ (ઉ.વ.૪૫)એ જૂનાગઢના માંગરોળ તાલુકાના કારેજ ગામના નરેન્દ્રભાઈ બાબુભાઈ કામળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આજથી પાંચ વર્ષ પહેલા તેઓ તથા તેના પત્ની સાડી તથા ડ્રેસ વેચવાનો ધંધો કરતા હતા. તે વખતે આરોપી કુંકાવાવ ખાતે તેમના ઘરે આવ્યા હતા અને તેને પણ સાડી તથા ડ્રેસ વેચવાનો ધંધો કરવો હોવાથી તેમની પાસેથી સાડી તથા ડ્રેસ લેવા આવેલ અને આ રીતે તે અવાર-નવાર તેમના ઘરે આવતા હતા અને પત્ની સાથે ફોનમાં વાત કરતા હતા. છેલ્લા દોઢેક વર્ષથી તેમણે ધંધો બંધ કરી દીધો હતો. તેમ છતાં આરોપી ફોન કરી તેના પત્ની સાથે વાત કરાવવાનું કહેતા હતા. તેમની પત્નીને હવે આ આરોપી સાથે કોઈ સંબંધ ન હોવા છતાં આરોપીને વાત કરવી હતી અને તેઓ વાત કરવા દેતા નહોતા. જેથી તેમના ફોનમાં જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બગસરા પોલીસ સ્ટેશનમાં બિનવારસી વાહનોની જાહેર હરરાજી કરવામાં આવી

બગસરા,તા.૦૮

બગસરા પોલીસ સ્ટેશનમાં ગુનામાં સંડોવાયેલા વાહનો બિનવારસી હાલતમાં ઘણા લાંબા સમયથી હતા. આવા વાહનોની આજે જાહેર હરાજી કરવામાં આવી હતી. આ હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૧૦,૦૦૦ ડિપોઝીટ ભરવાની હતી. આ હરાજીમાં ૧૫૨ લોકોએ ભાગ લીધો હતો. આ હરાજીમાં ૮૦ મોટરસાયકલ, બે ફોર વ્હીલ અને એક બસ સહિત કુલ ૮૩ વાહનો હતા, જેની અપસેટ કિંમત ૬,૦૦,૦૦૦ નક્કી કરવામાં આવી હતી. જેમાં સૌથી



ઉંચી બોલી ૯,૦૫,૦૦૦ બોલાઈ હતી. આ હરાજી ધારી ડિવિઝન એએસપી જયવીર ગઢવીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. જ્યારે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે બગસરા પોલીસ સ્ટેશનના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# 'પાંચ લાખ તારા બાપના ઘરેથી લઈ આવ' કહી પતિએ પત્નીને માર ઝૂડ કરી

**બાબરાના કોટડાપીઠા ગામનો બનાવ**

બાબરા, તા.૦૮

બાબરાના કોટડાપીઠા ગામે રહેતી એક પરિણીતાને તેના પતિ તથા સાસરિયાએ કરિયાવર મુદ્દે મેણાટોણા માર્યા હતા. પતિએ 'તારા બાપના ઘરેથી પાંચ લાખ રૂપિયા લઈ આવ' તેમ કહ્યું હતું. સાસરિયાનો સિતમ સહન નહીં થતાં હેતલબેન રાઠોડ (ઉ.વ.૩૪) એ પતિ નિમેષ ઉપેન્દ્રભાઈ સિદ્ધપુરા, કંચનબેન ઉપેન્દ્રભાઈ સિદ્ધપુરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી પતિ નિમેષ તથા સાસુ કંચનબેન અવારનવાર ઘરકામ તથા કરિયાવર બાબતે મેણાટોણા મારીને ગાળો આપતા હતા. તેના સાસુ પતિને કહેતા કે તારી પત્નીને કાંઈ કામકાજ આવડતુ નથી એવું કહી ચડામણી કરતા હતા. જેથી તેના પતિએ ઝઘડો કરી પહેરેલ કપડે ઘરેથી કાઢી મૂકી હતી. તેમજ રૂપિયા પાંચ લાખ તારા બાપના ઘરેથી લઈ આવ તેમ કહી મારકૂટ કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એમ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના કરીયાણા ગામેથી બે જુગારી ઝડપાયા, એક ફરાર

બાબરા, તા.૦૮

બાબરાના કરિયાણા ગામેથી પોલીસે બે જુગારીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી ૨૫૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ગૌતમભાઈ બાબુભાઈ રાઠોડ, મેહુલભાઈ પરષોતમભાઈ દાહોડીયા કરીયાણા ગામે ડુંગર ઉપર ખોડીયાર માતાના ઓટા પાસેથી જુગાર રમતાં ઝડપાયા હતા. જ્યારે દિલીપભાઈ પરષોતમભાઈ નાડોળીયા ફરાર થઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.એ. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા. ૦૯-૦૧-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૫, સૂર્યાસ્ત-૦૫:૪૧, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૧-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં થોડું જોખમ લેશો. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. આ સિવાય જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઇનલ થશે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજે સુવર્ણ તક છે.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બેદરકારી રાખશો નહીં.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધન: આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી.

મીન: આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે.


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


# રાજુલાના છતડીયા ગામે પુરુષનો કાંઠલો પકડી ઝપાઝપી કરી

રાજુલા, તા.૦૮

રાજુલાના છતડીયા ગામે રહેતા એક પુરુષનો કાંઠલો પકડીને તેની સાથે ઝપાઝપી કરવામાં આવી હતી. બનાવ અંગે વાલાભાઈ ઓધડભાઈ ધાખડા (ઉ.વ.૪૫)એ રામકુભાઈ ઓધડભાઈ ધાખડા, અશોકભાઈ રામકુભાઈ ધાખડા, ઈન્દુબેન રામકુભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે રામકુભાઈની પાસે પોતાના મકાન બનાવવા માટે પ્લોટની માંગણી કરી હતી. જે આ કામના આરોપીને સારૂ નહીં લાગતા જેમ ફાવે તેમ ગાળો આપી કાંઠલો પકડી ઝપાઝપી કરી હતી. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.


સંકુલ MA બોયઝ કોલેજ મંજુર - જુન થી પ્રવેશ
સંકુલ M.Com. બોયઝ કોલેજ મંજુર - જુન થી પ્રવેશ
સંકુલ M.Sc. બોયઝ કોલેજ મંજુર - જુન થી પ્રવેશ
★ M.A. બોયઝ કોલેજ – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ વિષય
★ M.Com. બોયઝ કોલેજ – ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ
★ M.Sc. બોયઝ કોલેજ – માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી વિષય
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 093


**-// એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી //-**

અપીલ રજી.નં.૧૪૭/૨૦૨૪

**અરજદાર** :- શ્રી વનાભાઈ જેઠાભાઈ ગોરાસવા
રહે. ચિતલ તા.જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ચિતલ, તા.જિ.અમરેલી

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં વનાભાઈ જેઠાભાઈ ગોરાસવા તેઓના માતા સવિતાબેન જેઠાભાઈ ગોરાસવા મરણ તા.૨૧/૦૪/૨૦૦૯ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજતા.૨૭/૧૨/૨૦૨૪નારોજમારીસહીતથાકોર્ટનાસિકકાકરોઆપ્યા.

સહી
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૫૫ /૨૦૨૪

અરજદાર: શ્રી સાંખટ લખમણભાઈ કાનાભાઈ
સરનામુ: મું.બાબરકોટ તા. જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી-બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી સાંખટ લખમણભાઈ કાનાભાઈ** એ તેમના **પિતા નામે સ્વ. શ્રી કાનાભાઈ પોલાભાઈ સાંખટ નું મરણ** તા.૧૦/૧૦/૧૯૮૫ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ. ૨૬ માહે.ડીસેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૧૨/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
સહી
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૫૨ /૨૦૨૪

અરજદાર: શ્રી સાંખટ રૂખડભાઈ ભગવાનભાઈ
સરનામુ: મું.બાબરકોટ તા. જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી-બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી સાંખટ રૂખડભાઈ ભગવાનભાઈ** એ તેમના **માતા નામે સ્વ. શ્રી લાડુબેન ભગવાનભાઈ સાંખટ નું મરણ** તા.૧૦/૧૦/૧૯૮૭ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ ૨૬ માહે.ડીસેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૧૨/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
સહી
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તંત્રી લેખ**

# ચીન-અમેરિકા ટ્રેડવોર ભારત માટે લાભદાયક

ભારત અમેરિકા અને ચીન વચ્ચેના વેપારયુદ્ધનો યોગ્ય ફાયદો ઉઠાવી શક્યું નથી. હાલના સંજોગોમાં ભારત તેના ઉત્પાદન ક્ષેત્રને યોગ્ય પ્રોત્સાહન આપી શક્યું નથી. જ્યારે અન્ય એશિયન હરીફ રાષ્ટ્રો આ બંને મહાસત્તાઓના ગજગ્રાહનો ભારત કરતાં ઘણો વધુ ફાયદો મેળવી શક્યા છે, એમ એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું.

જ્યારે અમેરિકા અને ચીન એકબીજાની સામસામે આયાત નિકાસ સામે કરવેરાનું ભારણ વધારી રહ્યા હતા તે સમયે બંને એકબીજાની સામે એક નવા જ પ્રકારના યુદ્ધે ચડ્યા હતા.

આ યુદ્ધ સરહદ પર મિસાઈલ દ્વારા નહોતું લડાતું. બોમ્બમારાથી કોઈ બિલ્ડીંગોની તબાહી નહોતી થતી આમ છતાં બંને દેશોના આર્થિક બજારો નબળા પડી રહ્યા હતા કારણ કે આ યુદ્ધ આર્થિક યુદ્ધ હતું. જેમાં બંને દેશોના વ્યાપારીઓ એકબીજા સામે નુકસાન ખમીને પણ લડી રહ્યા હતા. એક દેશ બીજા દેશમાં આયાત કરે એટલે તેના પર કર વધારી રહ્યા હતા. આવી જ રસમ સામો દેશ અજમાવી રહ્યો હતો. પરિણામે બંને દેશો આર્થિક રીતે નુકસાન ખમી રહ્યા હતા કારણ કે આ એક પ્રકારનું યુદ્ધ હતું જે રણમોરચાના યુદ્ધ કરતા અલગ પ્રકારનું છતાં બંને દેશોને આર્થિક બરબાદી તરફ દોરતું હતું.

અમેરિકા અને ચીન વચ્ચે આવું યુદ્ધ ચાલી રહ્યું હતું. જેનો સૌથી વધુ ફાયદો વિએટનામે લીધો હતો જ્યારે આપણે તે બાબતમાં બહુ સફળ થયા નથી કારણ કે ચીનમાંથી જે મૂડી રોકાણ દૂર થતું હતું તે વિએટનામ અને તાઈવાનમાં આવતું હતું પણ ભારતમાં નહોતુ આવતું. આના કારણે આપણા વેપાર ઉદ્યોગને જેટલો લાભ મળવો જોઈએ તે નથી મળી શક્યો તે એક હકીકત છે અને તેનો સ્વીકાર કરવો જોઈએ.

ઓક્સફોર્ડ ઈકોનોમિક્સના એક અભ્યાસ મુજબ ૨૦૧૭થી ૨૦૨૩ની વચ્ચેના સમયમાં અમેરિકાની કુલ આયાતમાં ભારતનો હિસ્સો ૦.૬ ટકા વધીને ૨.૭ ટકા થયો હતો. જ્યારે મેઈનલેન્ડ ચીનની કુલ આયાતમાં ભારતનો હિસ્સો ૮ ટકા ઘટીને ૧૪ ટકાથી ઓછો થયો હતો. આ વિસ્તારમાં વિયેટનામને સૌથી વધુ ફાયદો થયો હતો. આ સમયમાં અમેરિકાની કુલ આયાતમાં વિયેટનામનો હિસ્સો ૧.૭ ટકા વધીને ૩.૭ ટકા થયો હતો. તાઈવાન અને દક્ષિણ કોરિયાને પણ ભારત કરતાં વધુ ફાયદો થયો હતો. અમેરિકાની કુલ આયાતમાં તાઈવાનનો હિસ્સો ૧ ટકો અને દક્ષિણ કોરિયાનો હિસ્સો ૦.૭ ટકા વધ્યો હતો, એમ ઓક્સફોર્ડના અભ્યાસમાં જણાવ્યું હતું. હાલમાં જેમ વિયેટનામ અમેરિકાના સંરક્ષણવાદનો ભોગ બન્યું છે તેવી રીતે ભવિષ્યમાં ભારતને પણ અમેરિકાના કોઈ નિયંત્રણ આપવા પ્રતિબંધનો સામનો કરવો પડે એવું બની શકે એમ ઓક્સફર્ડના અહેવાલમાં જણાવ્યું હતું.

આ ઉપરાંત વૈશ્વિક ફોરેન ડાયરેક્ટ ઈનવેસ્ટરોએ જ્યારે ચીનમાં રોકાણ ઓછું કર્યું ત્યારે ભારત તેનો કોઈ નોંધપાત્ર હિસ્સો મેળવી શક્યું ન હતું.

# ભયાનક ગણાતો ચાઇનાનો એચ.એમ.પી.વી વાઈરસ સામાન્ય શરદીથી વિશેષ કશું નથી

આયુર્વેદની દ્રષ્ટિએ રોગના ત્રણ પ્રકાર પડે છે. પહેલા પ્રકારમાં જે રોગ આવે છે તેને સહજ સાધ્ય કહેવામાં આવે છે, આ રોગ ખૂબ જ સહેલાઈથી આપમેળે મટી જાય છે. બીજા પ્રકારનો રોગ કષ્ટ સાધ્ય છે, મતલબ કે આ રોગ ખૂબ જ મુશ્કેલીથી મટે છે અને દર્દીને પરેશાન કરી મૂકે છે. લાંબા સમયે મટે છે પરંતુ મટી જાય છે. ત્રીજા પ્રકારના રોગને અસાધ્ય કહેવામાં આવે છે. કેન્સર આ શ્રેણીમાં આવે છે પરંતુ હવે રશિયાએ કેન્સરની રસી શોધી કાઢી છે એટલે કેન્સર પણ શીતળાના રોગની જેમ દુનિયાના પટ પરથી ભુંસાઈ જશે. આપણા દેશમાં જ નહીં પરંતુ માનવી માત્ર વાયરસનું નામ પડે એટલે તેના હોશકોશ ઉડી જાય છે. ગત સપ્તાહે ચાઇનાથી લીકેજ થયેલો વાયરસ કોરોના જેવો ભયાનક નથી પરંતુ સાવ સામાન્ય પ્રકારની શરદી જેવો છે. ત્રણ દાયકાથી આ વાયરસનું અસ્તિત્વ વિશ્વભરમાં છે.

ચીનમાં હ્યુમન મેટાન્યુમોવાઈરસ (એચએમપીવી)ના કેસોમાં વધારો થતા દુનિયાભરમાં ખળભળાટ મચ્યો હતો. સોમવારે ગુજરાત સહિત ભારતના ત્રણ રાજ્યમાં આ વાઈરસના ૫ કેસ નોંધાયા હતા. આ વાઈરસના તમામ દર્દી બાળક છે. જો કે નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે આ કોઈ નવો વાઈરસ નથી અને તેનાથી ભયભીત થવાની જરૂર નથી. જોકે સુરતના ડોક્ટરોએ સ્પષ્ટતા કરી છે કે એચએમપીવી કોઈ નવી બીમારી નથી. ડોક્ટરોનો દાવો છે કે આ વાઈરસ ભારતમાં અસ્તિત્વ ધરાવે છે તે જીવલેણ નથી પણ સામાન્ય શરદીની જેમ મટી જાય છે. અંગે ગુજરાત સરકારે એક એડવાઈઝરી જાહેર કરી છે તેમાં જણાવ્યું છે કે તેના લક્ષણો દેખાય તો વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક લેવો. ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું. તાવ, ઉધરસ કે છીંક આવે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું. નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવા કે સેનેટાઈઝરનો ઉપયોગ કરો. કોરોના સમયમાં જે સેનેટાઈઝરની બોલબાલા હતી તે બાટલા ફરી વખત વેચાવા લાગશે.

ગુજરાત રાજ્યની એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે શરદી કફના લક્ષણો જાય જણાય તો શું ન કરવું ? આ બાબતમાં સામાન્ય શરદી અને તાવ બાબતના જે લક્ષણો હોય તેમાં જે સાવચેતી રાખવાની હોય છે તે મુજબ વર્તવું આ બાબતમાં ડોક્ટરની સલાહ લેવી જરૂરી છે. આ રોગથી ગભરાવાની જરૂર નથી. આવા કોઈ રોગચાળા સામે સરકારનું આરોગ્ય તંત્ર સજ્જ છે. વિવિધ સરકારી હોસ્પિટલોમાં આ અંગેની અલાયદી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે.

ડૉ. પ્રભુકુમાર ચેલ્લાગલી, કે જેઓ આઈએમએ, તેલંગાણાના અધ્યક્ષ છે તેમના કહેવા મુજબ આ વાઈરસ જીવલેણ કે ગંભીર નથી. દર વર્ષે શિયાળામાં આ વાયરસના કેસો



આવે છે. એમાં હજુ સુધી કોઈનું મોત થયું નથી. તે એક સામાન્ય શરદી જેવો જ વાયરસ છે. તે કોરોના જેવો ભયાનક નથી.

હયુમન મેટાન્યુમોવાઈરસને લઈને અનેક ગેરસમજ છે. તે ચીનમાં ઉદભવેલો કોઈ વાઈરસ નથી, પરંતુ દાયકાઓથી અનેક દેશોમાં શિયાળામાં થતી સામાન્ય બીમારી છે. તેના કારણે શ્વસનતંત્રમાં સંક્રમણ થાય છે. શિયાળામાં આ વાઈરસને કારણે ન્યુમોનિયાની સ્થિતિ પણ નવી વાત નથી. દેશમાં ઘણા પહેલાથી તેના કેસ નોંધાતા રહ્યા છે. ચીનમાં અચાનક ઝડપથી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ફેલાયો છે. આ કારણે સર્વેલન્સ જરૂરી છે. જોવાનું એ છે કે તેના નવા સ્ટ્રેન તો નથી બન્યા ને? બીજી તકેદારી એટલા માટે રાખવાની કે આઉટબ્રેક ન થાય. સામાન્ય રીતે વાઈરસ ૨૪ મહિના સુધીના બાળકો કે વૃદ્ધોને પ્રભાવિત કરે છે. સારી વાત એ છે કે તે શ્વાસનળીમાં જ મલ્ટીપ્લાય થાય છે. એવામાં ઝડપથી ફેલાવાનો અવકાશ નથી. ૨૦૦૫થી ૨૦૦૭ દરમિયાન એમ્સમાં શ્વાસના ગંભીર સંક્રમણથી પ્રભાવિત ૬૬૨ કેસમાંથી ૨૧ એટલે કે માત્ર ૩%માં એચએમપીવી જોવા મળ્યો હતો.

વાઈરસ એ એક એવો સૂક્ષ્મ કણ છે જે સજીવ અને નિર્જીવ બંનેના ગુણધર્મો ધરાવે છે. તે ખૂબ જ નાનો હોય છે અને તેને જોવા માટે ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપની જરૂર પડે છે. વાયરસ જીવંત કોષોમાં પ્રવેશીને તેમને નુકસાન પહોંચાડે છે અને રોગોનું કારણ બને છે. શરદી કફમાં પણ એમ જ બને છે. કોરોના વાયરસ પણ આ જ રીતે ફેફસા પર અસર કરીને ફેફસાને નિષ્ક્રિય કરતો હતો. જેથી કરીને દર્દીને પ્રાણવાયુ લેવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવાતી હતી ને આવું થોડી વાર થાય એટલે દર્દી મૃત્યુ પામે. વાઈરસનો એટેક કેવો છે તે દર્દીની રોગપ્રતિકાર શક્તિ પર આધાર રાખે છે પરંતુ ગમે તેવી સારી રોગપ્રતિકાર શક્તિ હોય પરંતુ જો કોરોના જેવો ભયાનક વાયરસ હોય તો તે કોઈપણ વ્યક્તિને પરેશાન કરીને મૃત્યુ સુધી પહોંચાડી દે છે પરંતુ આ વાઈરસ જોખમી નથી. આ વાયરસની અસર એક સપ્તાહમાં કે થોડા સમયમાં નષ્ટ થઈ જાય છે. દવા કરો કે નો કરો શરદી આપમેળે મોટાભાગે મટી જતી હોય છે કારણ કે માનવીની રોગપ્રતિકાર શક્તિ હોવાથી તે શરદીના વાયરસને હરાવી દે છે અને માનવી રોગમુક્ત થાય છે. એક સમયે દુનિયાભરની અંદર શીતળાનો રોગ ભયાનક ગણાતો હતો પરંતુ તેની વેક્સિન આવી જતા આ રોગ દુનિયાના પટ પરથી નાશ પામ્યો છે હવે કોઈને શીતળાનો રોગ થતો નથી આવી જ રીતે પોલિયો પણ નષ્ટ થવાને આરે છે હવે ટૂંક સમયમાં આગામી થોડા સમયમાં જ કેન્સરનો રોગ પણ નષ્ટ થઈ જશે કારણ કે તેની વેક્સિન પણ રશિયન વૈજ્ઞાનિકોએ શોધી કાઢી છે.


વાયરસ પોતે પ્રજનન કરી શકતો નથી. તે યજમાન કોષનો ઉપયોગ કરીને જ પોતાની નકલો બનાવી શકે છે. મતલબ કે તે મલ્ટિપ્લાય થાય છે તેનો સીધો અર્થ એવો થાય કે તે ગુણાકારની ઝડપે વધે છે. વાયરસના આકાર અને કદ અલગ અલગ હોય છે. કેટલાક ગોળ હોય છે તો કેટલાક લાંબા હોય છે. કોરોનાના વાયરસના ટીવી પર અને મીડિયા પરના રંગબેરંગી ફોટા જોઈને લોકો તેનાથી ભયભીત થતા હતા પરંતુ વાયરસને કોઈ પણ આકાર ન હોઈ શકે તેના રંગ મેઘધનુષ્ય જેવા હોતા નથી. આ તો કાલ્પનિક રીતે ઈમેજ વૈજ્ઞાનિકોની સલાહ મુજબ કરવામાં આવી હોય છે. ઘણા વાયરસના આકાર રાક્ષસી ચહેરા જેવા ચીતરવામાં આવે છે તો આ એક કાલ્પનિક રીતે ક્રિએટ કરેલી ઈમેજ હોય છે. બાકી વાયરસ રાક્ષસ જેવા હોતા નથી પરંતુ અતિશય સૂક્ષ્મ કદના હોય છે તેને જોવા માટે અત્યંત શક્તિશાળી ઈલેક્ટ્રોનિક માઈક્રોસ્કોપની જરૂર પડે છે. આધુનિક સંશોધન બતાવે છે કે વાયરસમાં ડીએનએ અથવા આરએનએ હોય છે, જેમાં તેની બધી જ માહિતી સંગ્રહિત હોય છે. હાલ જે વાયરસનો ભય ઊભો થયો છે તે ખાંસી, ઉધરસ અથવા છીંક ખાવાથી વાયરસ હવામાં છૂટો પડી જાય છે અને બીજા વ્યક્તિને શ્વાસ દ્વારા ચેપ લાગી શકે છે. ચેપગ્રસ્ત વ્યક્તિ અથવા પ્રાણી સાથે શારીરિક સંપર્કમાં આવવાથી વાયરસ ફેલાય છે. આ ઉપરાંત ચેપગ્રસ્ત વ્યક્તિએ સ્પર્શેલી વસ્તુઓને સ્પર્શવાથી વાયરસ ફેલાય છે. દૂષિત ખોરાક અથવા પાણી પીવાથી વાયરસ ફેલાય છે. વાયરસના અનેક પ્રકાર હોય છે જેમકે શરદીના વાયરસ, લુના વાઈરસ, એપેટાઈટિસ વાઈરસ, એચઆઈવી વાઈરસ અને છેલ્લે બહુ બદનામ થયેલો અને ભયાનક ગણાતો કોરોના વાયરસ જે છેલ્લી કક્ષાનો ભયાનક વાયરસ છે આવો કોઈ વાયરસ અત્યારે ચીનથી ફેલાયો નથી તે આનંદની વાત છે.

**કોરોનાના આક્રમણ બાદ વાયરસ શબ્દથી કોઈ પણ માણસ ડર અનુભવે છે કારણ કે આ વાયરસ ભયાનક હતો બીજી બાજુ એવા અહેવાલ વહેતા થયા કે ચાઇનામાંથી એક ભયાનક વાયરસ લીકેજ થયો છે આના કારણે વિશ્વભરની અંદર ભારે ભય અને સનસનાટીનો માહોલ છવાઈ ગયો પરંતુ આ અંગે ઊંડી તપાસ કરતા જાણવા મળ્યું કે આ વાયરસ સામાન્ય શરદી જેવો જ છે જે જીવલેણ નથી.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૭૦ | ૧૫૨૮ |
| ઘઉં લોકવન | ૬૦૩ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૬૦૮ | ૬૭૧ |
| જુવાર સફેદ | ૭૭૦ | ૮૯૭ |
| જુવાર લાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૮૭ | ૫૧૦ |
| તુવેર | ૧૨૪૦ | ૧૮૧૨ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૬૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૫ |
| મગ | ૧૨૭૦ | ૧૭૮૪ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૫૬૦ |
| ચોળી | ૯૦૦ | ૨૩૯૦ |
| મઠ | ૯૫૦ | ૧૩૦૮ |
| કળથી | ૮૫૦ | ૯૭૫ |
| સીંગદાણા | ૧૨૫૪ | ૧૨૮૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૫૦ |
| મગફળી જીણી | ૯૨૫ | ૧૨૩૦ |
| તલી | ૧૯૫૦ | ૨૪૪૯ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૨૮ |
| અજમો | ૨૦૦૫ | ૨૭૮૯ |
| સુવા | ૧૪૨૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૩૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૩૩૫૦ | ૪૭૦૦ |
| લસણ | ૧૮૫૦ | ૩૮૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૩૮ |
| મરચા સુકા | ૯૫૦ | ૨૪૮૦ |
| ધાણી | ૧૧૧૧ | ૧૭૬૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૪૯૦ |
| રાય | ૧૦૪૦ | ૧૩૧૪ |
| મેથી | ૯૫૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૬૬૪ |
| રાયડો | ૯૮૦ | ૧૧૨૮ |
| ગુવારનું બી | ૯૯૨ | ૯૯૨ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૯૫૦ |
| બટેટા | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૯૦ | ૪૧૫ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૧૧૦ | ૨૧૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૫૦ | ૧૨૦ |
| કોબીજ | ૬૦ | ૮૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૨૪૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૬૦ | ૨૪૦ |
| ટીંડોળા | ૫૫૦ | ૮૨૦ |
| દુધી | ૧૫૦ | ૨૪૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૪૫૦ | ૭૦૦ |
| તુવેરસીંગ | ૪૩૦ | ૬૨૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૬૦ | ૩૨૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૪૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૧૫૦ | ૫૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૭૯૨ | ૧૫૨૫ |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૨૩ |
| ગિરનારી શીંગ | ૧૧૦૦ | ૧૨૩૫ |
| શિંગ મોટી | ૮૧૦ | ૧૧૭૨ |
| શિંગદાણા ફાડા | ૯૯૬ | ૧૧૮૦ |
| તલ સફેદ | ૧૫૧૫ | ૨૬૨૦ |
| તલ કાળા | ૩૮૭૦ | ૪૮૦૦ |
| ઘઉં ટુકડા | ૫૮૨ | ૭૦૨ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૭ |
| અડદ | ૮૧૨ | ૧૪૨૫ |
| ચણા | ૯૮૫ | ૧૨૨૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૪૧ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૩૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૨૪ |
| મરચાલાંબા | ૪૪૦ | ૩૨૧૦ |
| રજકાનુ બી | ૪૧૦૦ | ૪૧૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૪૨ |
| એરંડા | ૧૦૬૨ | ૧૨૧૭ |
| તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૨૮૭૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૨૦ | ૫૧૦ |
| રીંગણાં | ૧૫૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૨૦ |
| શકકરીયા | ૪૨૦ | ૫૨૦ |
| ટામેટા | ૨૧૦ | ૩૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૬૦ | ૫૦૦ |
| દૂધી | ૧૨૦ | ૨૩૦ |
| કારેલા | ૫૫૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મુળા | ૧૨૦ | ૨૦૦ |
| કાકડી | ૩૪૦ | ૬૫૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૫૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૪૦ | ૮૨૦ |
| તુવેર | ૪૪૦ | ૬૮૦ |
| હળદર લીલી | ૭૫૦ | ૮૫૦ |
| આદુ | ૭૪૦ | ૮૨૦ |
| કોથમીર | ૧૦૦ | ૩૪૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૩૦ |
| ફુદીનો | ૫૨૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૪૫૦ |
| બીટ | ૨૨૦ | ૪૮૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૮૮૦ |
| મરચા લાલ | ૩૫૦ | ૮૮૦ |
| ડુંગળી લીલી | ૧૧૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૪૪૦ |
| લસણ લીલુ | ૧૬૨૦ | ૨૮૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| લીંબુ | ૭૮૦ | ૯૪૦ |
| વાલ | ૭૨૦ | ૮૮૦ |
| પાલક | ૨૨૦ | ૨૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૦૧ | ૧૫૧૬ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૫૨ |
| ઘઉં ટુકડા | ૬૦૪ | ૭૨૪ |
| મગફળી જીણી | ૭૨૬ | ૧૧૧૬ |
| સિંગ ફાડીયા | ૭૨૬ | ૧૨૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૨૬૬ |
| તલ કાળા | ૨૩૦૦ | ૫૦૦૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૬૧ |
| વરીયાળી | ૧૩૯૧ | ૧૪૨૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૮૧ |
| લસણ સુકું | ૧૮૦૧ | ૩૫૦૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૭૧ |
| અડદ | ૧૦૯૧ | ૧૬૨૧ |
| મઠ | ૧૧૪૧ | ૧૧૭૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૭૮૧ |
| રાયડો | ૧૦૪૧ | ૧૦૪૧ |
| રાય | ૧૩૦૧ | ૧૩૦૧ |
| મેથી | ૫૯૧ | ૧૨૯૧ |
| કાંગ | ૮૭૧ | ૧૧૫૧ |
| મરચા | ૫૫૧ | ૩૪૦૧ |
| મગફળી જાડી | ૬૧૬ | ૧૧૮૬ |
| નવું જીરૂ | ૨૧૦૦૧ | ૨૧૦૦૧ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૪૨૬ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૫૨૧ |
| ધાણી | ૧૩૭૬ | ૧૬૮૧ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૪૦૬ |
| બાજરો | ૪૬૧ | ૪૮૧ |
| જુવાર | ૩૯૧ | ૮૮૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૭૧ |
| મગ | ૯૧૧ | ૧૭૭૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૭૧ |
| વાલ | ૮૪૧ | ૧૨૮૧ |
| ચોળા / ચોળી | ૬૪૧ | ૨૩૫૧ |
| સોયાબીન | ૭૨૧ | ૮૪૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૩૧ |
| વટાણા | ૨૩૭૧ | ૨૩૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦ | ૧૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૬૦ | ૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૫૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૫૦૦ |
| અંબાળા | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૮ | ૧૨ |
| કોથમીર પુરા | ૧૦ | ૨૦ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૮ | ૧૦ |
| ચ્રૂણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૯૦૦ |
| મેથી પુરા | ૩ | ૭ |
| બીટ પુરા | ૨૦ | ૩૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦ | ૩૦૦ |
| કાચા પોપૈયા | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૪૦ | ૩૬૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૩ | ૮ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૪૪ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૧૦ |
| મગફળી જીરુ૦ | ૧૦૬૯ | ૧૧૩૧ |
| મગફળી બીટી | ૯૬૦ | ૧૦૭૦ |
| અડદ | ૧૧૪૦ | ૧૨૬૦ |
| ઘઉં | ૫૨૩ | ૬૪૭ |
| તલસફેદ | ૨૦૧૦ | ૨૩૦૦ |
| જીરૂ | ૩૯૭૦ | ૪૩૪૦ |
| સોયાબીન | ૭૭૮ | ૭૯૦ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૨૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૩૭ |
| ઘઉં લોકવન | ૫૭૨ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૪૭ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૯ |
| મગફળી | ૬૦૦ | ૯૪૦ |
| ચણા | ૯૮૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૪૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૪૫૫ |
| અડદ | ૧૨૭૫ | ૧૩૯૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| મકાઈ | ૫૫૦ | ૫૭૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૨૩ |
| મગફળી | ૮૦૧ | ૧૦૮૫ |
| ઘઉં | ૫૬૯ | ૬૦૦ |
| અડદ | ૧૩૫૫ | ૧૩૫૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૧૬ | ૭૮૯ |
| રાઈ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મઠ | ૭૫૧ | ૭૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૭૧ | ૧૫૪૫ |
| મગફળી | ૯૯૧ | ૧૧૩૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૫૧ | ૭૫૩ |
| અડદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| **જામનગર** | | |
| ઘઉં | ૫૫૦ | ૬૪૨ |
| મગ | ૧૧૦૦ | ૧૧૨૫ |
| અડદ | ૯૦૦ | ૧૪૯૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૨૦ |
| મઠ | ૭૦૦ | ૮૦૦ |
| ચોળી | ૧૮૦૦ | ૨૪૩૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૭૫ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૧૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૭ |
| રાયડો | ૯૦૦ | ૧૦૯૯ |
| લસણ | ૧૧૦૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૫ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૪૨૫ |
| અજમો | ૨૦૦૦ | ૫૩૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૮૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૪૫૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૬૫૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૧૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૯૫૦ | ૧૧૪૦ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૭૨ |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૧૧૯ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૧૪૦ |
| જુવાર | ૪૦૦ | ૮૩૫ |
| મગદેશી | ૧૬૦૧ | ૨૧૪૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૮૬ |
| અડદ | ૮૩૫ | ૧૭૩૧ |
| બાજરી | ૪૪૮ | ૫૮૦ |
| સોયાબીન | ૮૦૧ | ૮૨૭ |
| ચણા | ૧૦૧૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૪૧૩૫ | ૪૧૩૫ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૪૧ |
| ડુંગળી સફેદ | ૨૧૭ | ૪૭૪ |
| કપાસ શંકર | ૧૨૪૦ | ૧૪૧૫ |
| નાળીયેર | ૪૩૨ | ૨૭૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૦૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૬ |
| શીંગફાડા | ૮૫૧ | ૧૦૮૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૫૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૧ |
| મેથી | ૮૦૦ | ૯૫૧ |
| જીરૂ | ૪૦૦૧ | ૪૩૫૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૬૦ | ૧૧૨૪ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૧૦ |
| તલ પીળા | ૨૪૦૧ | ૨૮૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| બાજરા | ૫૦૧ | ૭૭૧ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૭૬ |
| જુવાર | ૮૨૦ | ૯૦૦ |
| મગ | ૧૧૦૦ | ૨૪૦૧ |
| અડદ | ૯૦૦ | ૧૬૦૧ |
| ચણા | ૯૯૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૭૩૮ | ૭૫૮ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૧૦૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૬૭ |
| જીરૂ | ૪૩૩૧ | ૪૪૭૧ |
| ઘઉ લોકવન | ૫૫૧ | ૬૧૭ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૭૯ |
| બાજરો | ૫૦૦ | ૬૩૬ |
| જુવાર | -- | ૮૬૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૫૫ |
| એંરડી | ૧૧૦૦ | --- |
| સોયાબીન | ૭૫૦ | ૮૦૮ |
| અજમા | ૧૮૦૧ | --- |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૨૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૦૪ | ૧૧૫૦ |
| મગફળી ૩૨નં. | ૯૧૮ | ૧૦૫૨ |
| બાજરી હા. | ૪૬૦ | ૬૧૬ |
| ઘઉં | ૫૩૦ | ૬૪૧ |
| તુવેર | ૧૪૫૦ | ૧૭૩૧ |
| જુવાર | ૬૦૦ | ૮૮૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૪૨ |
| મગ | ૧૩૫૦ | ૧૫૦૨ |
| એરડી | ૧૦૦૦ | ૧૨૦૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૬ |
| જા.તલ | ૨૭૦૦ | ૩૧૩૮ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૧૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૪ |
| કપાસ | ૧૩૭૦ | ૧૪૮૧ |

## શબ્દ સંજોગ-૧૯૩૦



**આડી ચાવી :**
(૧) ....નરકનું રૂપ છે (૪)
(૩) સંયમનો અભાવ (૪)
(૬) પ્યાર, મોહબ્બત (૨)
(૭) તાકો (૨)
(૮) યુનાન દેશનો રહેવાસી (આ-અ) (૩)
(૧૦) એક જંગલી પ્રાણી (૩)
(૧૨) સોળે સાન અને વીસે.... (૨)
(૧૩) આધાર, ભરોસો (૩)
(૧૫) પરોઢિયું (૨)
(૧૬) જન્મ આપવો તે (૩)
(૧૭) મોતીનું એક તોલ (૨)
(૧૮) પતંગના જામે (૨)
(૧૯) પતિ, સ્વામી (૨)
(૨૧) નાનો તવો (૨)
(૨૩) નૃત્ય (૨)
(૨૪) બીક, ધ્રુજારી (૩)
(૨૬) ઉત્પન્ન કરવુ તે (૩)
(૨૮) ધુમાડિયુ (૪)
(૨૯) માળ, મેડો (૩)

**ઉભી ચાવી :**
(૧) ચોરી ન કરવી તે (૩)
(૨) માનવ જયારે... મટી, દાનવ બને છે, ત્યારે તે ધર્મના બદલે ધનનું સન્માન-સ્વાગત કરે છે (૩)
(૩) આખરે, ઘણુ કરીને (૩)
(૪) જે પ્રમાણે, જેવી રીતે (૨)
(૫) જરાક ફેરવાયુ (૪)
(૬) આમંત્રણ, નોતરુ (૩)
(૯) વાઢકાપ કે તે કરવાનું હથિયાર (૩)
(૧૧) એક ફરસાણ (૩)
(૧૨) અઢાર પુરાણોમાંનું એક (૪)
(૧૪) યુક્તિ-પ્રયુકિત (૪)
(૧૫) ભગવાન શંકર આ નામે પણ ઓળખાય છે (૪)
(૧૬) સહેજ, લગીર (૨)
(૨૦) બોલતા જીભ ચોંટવી તે (૩)
(૨૨) વિદ્યુત (૩)
(૨૩) નાનપ (૩)
(૨૫) હાથ, ટેકસ (૨)
(૨૭) એક હથિયાર (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૯ જવાબ

**આડી ચાવી:** (૨) ફકરો (૫) રઈસ (૭) મુદ્રણાલય (૯) વળ (૧૦) શ્વાસ (૧૨) પામર (૧૪) બબૂચક (૧૬) દવ (૧૮) મન (૨૧) ગીધ (૨૨) પરિવાર (૨૪) મરામત (૨૫) લક (૨૬) તગડા (૨૭) મર્મ.

**ઉભી ચાવી:** (૧) અમુક (૨) ફણા (૩) કલહ (૪) રોય (૫) રફુ (૬) સફળતા (૮) કૂમક (૧૧) સબ (૧૨) પાચન (૧૩) જીંદગીઓ (૧૫) બૂમબરાડા (૧૭) વધ (૧૯) વારિ (૨૦) ક્ષૌરકર્મ (૨૨) પતન (૨૩) વાલમ (૨૪) મગ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઈફકો ચેરમેન સંઘાણીની કેન્દ્રીય મંત્રી માંડવીયા અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી ધામી સાથે મહત્વપૂર્ણ મુલાકાત

અમરેલી,તા.૦૮

સહકારી ક્ષેત્રના વિકાસ અને નવા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવાના હેતુથી નવી દિલ્હી ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. વર્ષ ૨૦૨૫ને સહકારી વર્ષ તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે દિલીપભાઈ સંઘાણીએ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર ધામી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન સહકારી



ક્ષેત્રના વિકાસ માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને નાના અને ઉભરતા ઉદ્યોગસાહસિકોને સહકારી ક્ષેત્ર દ્વારા મળતા સહયોગને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, દેશ અને રાજ્ય સ્તરે સહકારી પ્રવૃત્તિઓને વેગ આપવા અને આર્થિક ક્ષેત્રે તેની ભૂમિકાને વધુ મજબૂત બનાવવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રી માંડવીયા અને મુખ્યમંત્રી ધામીએ સહકારી ક્ષેત્રને વધુ કાર્યક્ષમ અને લોકભોગ્ય બનાવવા માટે સહયોગ આપવાની ખાતરી આપી હતી. સહકારી વર્ષની ઉજવણી દરમિયાન વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ યોજવામાં આવશે, જેના માધ્યમથી સહકારી આંદોલનને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

# વડીયાના મામલતદારે ભૂમાફિયાઓ સામે લાલ આંખ કરીને ખનીજ ભરેલું ડમ્પર ઝડપ્યું

**૧૧ ટન ખનીજ સાથે કુલ રૂ. ૭૦૨૮૮૩નો મુદ્દામાલ જપ્ત કર્યો**

વડિયા,તા.૦૮

અમરેલી જિલ્લામાં વહીવટી તંત્રએ ખનન માફિયાઓ સામે લાલ આંખ કરી રોયલ્ટી પાસ વગરનું ખનીજ અને ઓવર લોડેડ વાહનોને ઝડપી તેમની સામે કાર્યવાહી કરવા




સૂચના અપાઈ છે. વડીયા-કુંકાવાવ તાલુકામાં ઈન્ચાર્જ મામલતદાર અને તેમની ટીમ દ્વારા વડીયામાંથી પસાર થતા ખનીજના ડમ્પર નં. GJ ૧૦ T ૯૧૦૫ને રોકીને તેના ચાલક પાસે રોયલ્ટી પાસ પરમીટ માગી હતી, જે તેની પાસે ન હોવાથી તે ૧૧ ટન ખનીજ સાથે કુલ રૂ. ૭૦૨૮૮૩/-નો મુદ્દામાલ જપ્ત કરી તેમની સામે કાર્યવાહી કરી હતી.

આ કાર્યવાહીમાં વડીયાના સર્કલ ઓફિસર અને રેવન્યુ તલાટી પણ જોડાયા હતા. આ કાર્યવાહી થતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

# અમરેલી ખાતે તા.૧૧ તથા ૧૨મી જાન્યુઆરીએ જિલ્લા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા યોજાશે

અમરેલી તા.૦૮

અમરેલી ખાતે તા.૧૧ તથા ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪-૨૫ યોજાશે. જેમાં તાલુકા કક્ષાએ વિજેતા થનાર સહિતના સ્પર્ધકો ભાગ લેશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે અમરેલી જિલ્લા યુવા વિકાસ કચેરી અને અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા કે.કે. પારેખ અને મહેતા આર. પી. વિદ્યાલય, સિવિલ હોસ્પિટલ સામે તા.૧૧ જાન્યુઆરી,૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકેથી લોકનૃત્ય, રાસ, એક પાત્રીય અભિનય, ભરતનાટ્યમ વગેરે સ્પર્ધાઓ યોજાશે. તા.૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ક્રમશઃ ગરબા, સમૂહ ગીત, કથક, લોકગીત વગેરે સ્પર્ધાઓ યોજાશે. તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતા અને સીધી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં એન્ટ્રી કરેલ સ્પર્ધક કલાકારને આ સ્પર્ધામાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવ્યું છે.

# સુરતમાં બોરડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

સુરત,તા.૦૮

સુરતમાં બોરડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ૧૨મો સ્નેહમિલન, ૮મો સમૂહલગ્ન સમારોહ અને બિઝનેસ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રક્તદાન કેમ્પમાં જેમાં ૨૫૭ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ અવસરે કુમારી કેયા વિપુલભાઈ ઢોળવાવાળા અને ઘનશ્યામભાઈ ચતુરભાઈ બોરડ મોટા માંડવડાવાળાની રક્ત તુલા કરવામાં આવી હતી. આ



સમારંભમાં ભવાનભાઈ મુળજીભાઈ બોરડ ઢોળવા અને ઘનશ્યામભાઈ મનસુખભાઈ બોરડ વાસાવડવાળા મુખ્ય યજમાન પદે હતા. રક્તદાન કેમ્પનું સંપૂર્ણ આયોજન સિવિલ ડિફેન્સ પુણા ડિવિઝનના વોર્ડન કલ્પેશભાઈ બોરડ દ્વારા કરવામાં આવ્યું હતું.


# ટ્રાફિકને અડચણરૂપ થતાં ઈસમો સામે તંત્રની લાલ આંખ

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લામાં ટ્રાફિકને અડચણરૂપ થતાં ઈસમો સામે તંત્ર દ્વારા કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી. ટ્રાફિકને અડચણરૂપ, દોરી પાવાનો ચરખો, ફૂટની લારી ઉભી રાખતાં ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તહેવાર ટાણે જ તંત્ર દ્વારા આવી કામગીરી કરવામાં આવતાં વિક્રેતાઓમાં છુપો રોષ પણ જોવા મળ્યો હતો.

# કોડીનાર પાસે હાઈવેના ઓવરબ્રિજ પરથી પડી જતાં હરણનું મોત

કોડીનાર, તા.૦૮



કોડીનાર નજીક સોમનાથ-વેરાવળ નેશનલ હાઈવે પર એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના સામે આવી છે. રેલવે ફાટક નજીક નિર્માણાધીન ઓવરબ્રિજ પરથી એક નર હરણ (ચિતલ) નીચે પટકાતા તેનું મોત નિપજ્યું છે. વન વિભાગની પ્રાથમિક તપાસ મુજબ, આશરે ૨૫-૩૦ ફૂટની ઊંચાઈ ધરાવતા આ ઓવરબ્રિજ પર હરણ આસપાસના સિમ વિસ્તારમાંથી આવ્યું હોવાનું માનવામાં આવે છે. વન વિભાગનું અનુમાન છે કે કોઈ શિકારી પ્રાણી અથવા કૂતરાઓના કારણે ભયભીત થયેલા હરણે જીવ બચાવવા ઓવરબ્રિજ પરથી કૂદકો મારતા આ દુર્ઘટના સર્જાઈ હોઈ શકે છે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનાં વિદ્યાર્થીઓ રેડિયો પર કલા પીરસશે

**બાળકોની તેના કૌશલ્યના આધારે પસંદગી કરી વિવિધ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે**

અમરેલી,તા.૦૮

અમરેલીની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ ઓલ ઈન્ડિયા રેડિયો પર વિવિધ કલા રજૂ કરશે. સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષીના માર્ગદર્શન હેઠળ સતત બીજા વર્ષે સમિતિ સંચાલિત શહેરની તમામ પ્રાથમિક શાળાઓના બાળકો રેડિયો પર ગીત, ભજન, લોકગીત, વાર્તા, વક્તવ્ય વગેરે રજૂ કરશે. વિદ્યાર્થીઓની આંતરિક શક્તિને ઉજાગર કરવાના હેતુથી આ બાળકોની તેના કૌશલ્યના આધારે પસંદગી કરવામાં આવે છે. ત્યારબાદ વિવિધ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. આ રીતે તૈયાર થયેલ વિદ્યાર્થીઓને ઓલ ઈન્ડિયા રેડિયોનાં બાળકો માટેના કાર્યક્રમ "એન ઘેન દીવાઘેન" કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ વિદ્યાર્થીઓ ગુરુવાર ૦૯ જાન્યુઆરીએ રેડિયો પર કલાના ઓજસ પાથરશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલનાં શિક્ષક કેતનભાઈ જોષી દ્વારા માર્ગદર્શન અપાયું છે.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ધારીમાં રીજનલ કોન્ફરન્સ યોજાઈ

ધારી,તા.૦૮

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનના યજમાન પદે ૪ જાન્યુઆરીના રોજ ધારીના રિસોર્ટ ખાતે રીજનલ કોન્ફરન્સ યોજાઈ હતી. લાયન્સ દિનેશભાઈ ભુવાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા વિવિધ કાર્યક્રમમાં જતીનભાઈ કોરડિયાએ ધ્વજવંદન કર્યું હતું. દિનેશભાઈ દ્વારા સર્વે મહેમાનોનું સ્વાગત


તસ્વીર : રાજુભાઈ પરીખ

કરવામાં આવેલ હતું. આ તકે લા. ગવર્નર ભરતભાઈ બાવીશી, પૂર્વ ગવર્નર વસંતભાઈ મોવલીયા, પ્રથમ વાઈસ ગવર્નર અભયભાઈ શાહ, હાર્દિકભાઈ મહેતા, કાંતિભાઈ વઘાસીયા, ગોવિંદભાઈ ભાટુ, કમલ સેલાર, સંદીપ બંકા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે જિલ્લાભરમાંથી ૨૪થી વધુ શિક્ષકોનું શાલ અને મેમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું અને મેડિકલ સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં લાયન્સ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ રાજુભાઈ પરીખે જણાવ્યું હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.કમળાબેન રસીકભાઈ કાનાણી (ઉ.વ.૭૯)નું તા. ૦૭/૦૧/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.રસીકભાઈ નાનજીભાઈ કાનાણીનાં ધર્મપત્ની, કમલેશભાઈ કાનાણીના માતૃશ્રી અને જતીનભાઈ કાનાણીના માતૃશ્રી થાય છે.

**સાવરકુંડલા**

મર્હુમ ગફારભાઈ રૂસ્તમભાઈ ખોખર તા.૦૮/૦૧ના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. તે મર્હુમ રૂસ્તમભાઈ અમીભાઇ ખોખરના દીકરા, ઇમરાનભાઈ રૂસ્તમભાઈ ખોખરના મોટાભાઈ અને દિલાવરભાઈ હુસેનભાઇ ખોખર અને ઈકબાલભાઈ બચુભાઈ ખોખર, અશરફભાઈ અહેમદભાઈ ખોખર, રફિકભાઈ યુનુસભાઇ ખોખરના કાકાના દીકરા થાય છે તથા આલમભાઈ હાસમભાઈ બેલીમ બીલખાવાળાના ભાણીયા થાય છે. તેમની જીયારત તા.૧૦/૦૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે નૂરાની નગર મદ્રેસામાં અને ઓરતોની જીયારત તેમના ઘરે નુરાનીનગર મદ્રેસાની સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ચલાલા**

સ્વ. ચંપાબેન નાથાભાઈ ઠેશીયા (ઉ.વ.૭૮)નું તા.૦૫/૦૧ના રોજ અવસાન થયેલ છે. તે ચલાલા પટેલ વાડીના પૂર્વ પ્રમુખ તેમજ સમસ્ત ચલાલા પટેલ સમાજના આગેવાન નાથાભાઈ જીવરાજભાઈ ઠેશીયાના ધર્મપત્ની, હસમુખભાઈ, નટુભાઈ અને પ્રવિણભાઈના માતૃશ્રી થાય છે. તેમનું સદ્દગતનું બેસણું તા.૦૯/૦૫ના રોજ સવારના ૦૯ કલાકેથી સાંજના ૫ કલાક સુધી ચલાલા પટેલવાડી ખાતે રાખવામાં આવેલ છે.

**સાવરકુંડલા**

સ્વ. જયાબેન ગાંડાભાઈ ચોટલીયા (ઉ. વ.૭૮)નું તા.૪/૧/૨૫ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ગાંડાભાઈ ગોવિંદભાઈ ચોટલીયાના પત્ની, રાજુભાઈ ગાંડાભાઈ ચોટલીયા, ભરતભાઈ ગાંડાભાઈ ચોટલીયા, નવીનભાઈ ગાંડાભાઈ ચોટલિયાના માતા થાય છે. સદગતનું બેસણું તા.૯/૧/૨૫ને ગુરૂવારના રોજ બપોરે ૩ થી ૬ કલાકે શ્રી કાનજીબાપુ ઉપવન વાડી પરેખવાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.ખોડાભાઈ જશાભાઈ મારુ (ઉ. વ.૮૬) નું તા.૫/૧/૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.મહેન્દ્રભાઈ ખોડાભાઈ મારુ, હરેશભાઈ ખોડાભાઈ મારુના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૯/૧/૨૫ને ગુરૂવારના રોજ બપોરે ૩ થી સાંજના ૬ કલાકે તેમના નિવાસ સ્થાને કેશવ ધામ સોસાયટી જુના ગાધકડા રોડ મોમાઇ માતાના મંદિરની આગળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ. રીનાબેન સંજયભાઈ સૂચક (ઉ. વ.૪૮)નું તા.૮/૧/૨૫ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સંજયભાઈ જીવનલાલ સૂચકના ધર્મપત્ની થાય છે. સદગતનું ઉઠમણું તા.૯/૧/૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે લોહાણા મહાજન વાડી નદી કાંઠે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# લાઠીના પાડરશીંગા ગામની વાડીએથી ઝટકા મશીનની ચોરી

લાઠી, તા.૦૮

લાઠીના પાડરશીંગા ગામે રહેતા દિવ્યેશભાઈ મનસુખભાઈ સોજીત્રાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પાડરશીંગા ગામની સીમમાંથી કેબલ, ઝટકા મશીન, ઝટકાની ચોટીઓ મળી કુલ ૨૧,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ ચોરીને ઈસમ ફરાર થઈ ગયો હતો.

**CHANGE NAME**

I Undersign I DAVE KEYOOR CHETANBHAI have changed my name from DAVE KEYOOR CHETANKUMAR To DAVE KEYOOR CHETANBHAI (New) Now i will be known as DAVE KEYOOR CHETANBHAI (new)
Sign : DAVE KEYOOR CHETANBHAI
Address: MANORAMA,MOHAN NAGAR-2, LATHI ROAD AT-AMRELI-365601,DIST- AMRELI GUJARAT INDIA

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિસાવદર**
**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ.નં.૦૪/૨૦૨૫ તા.૦૨/૦૧/૨૦૨૫

શ્રી પ્રવિણભાઈ જશાભાઈ વણજારા
રહે. રાજપરા, તા.વિસાવદર ........અરજદાર
-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રાજપરા, તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી પ્રવિણભાઈ જશાભાઈ વણજારા રહે. રાજપરા, તા.વિસાવદરએ તેમની ભત્રીજી શ્રી ગુલાબબેન પ્રેમજીભાઈ વણજારાનો જન્મ તા.૩૦/૦૩/૧૯૯૮ ના રોજ વિસાવદર તાલુકાના રાજપરા ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - રાજપરા, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - રાજપરા, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસૂર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૨મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**
જન્મ / મરણ અરજી નં.૨૪૯/૨૦૨૪

અરજદાર :- શ્રી બાંભણીયા રણછોડભાઈ પાલાભાઈ
સરનામું :- મું.રોહીસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.
**વિરૂધ્ધ**
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના શ્રી **બાંભણીયા રણછોડભાઈ પાલાભાઈ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી બાંભણીયા જાહીબેન પાલાભાઈનું મરણ તા.૦૯/૦૬/૨૦૧૪ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૪ માહે.ડીસેમ્બર સને.૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૨૪/૧૨/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**
જન્મ/મરણ અરજી નં.૨૫૭/૨૦૨૪

અરજદાર :- શ્રી સાંખટ રૂખડભાઈ ભગવાનભાઈ
સરનામુ :- મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી
**વિરૂધ્ધ**
સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું. બાબરકોટ તા. જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી સાંખટ રૂખડભાઈ ભગવાનભાઈ** એ તેમના **પિતા નામે સ્વ.શ્રી ભગવાનભાઈ પોલાભાઈ સાંખટ નું મરણ તા.૦૧/૧૦/૨૦૦૬ નાં** રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૬ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૬/૧૨/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**
જન્મ/મરણ અરજી નં.૨૫૩ /૨૦૨૪

અરજદાર :- શ્રી સાંખટ દાદુભાઈ જીવાભાઈ
સરનામુ :- મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી
**વિરૂધ્ધ**
સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું. બાબરકોટ તા. જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના શ્રી **સાંખટ દાદુભાઈ જીવાભાઈ** એ તેમના **પિતા નામે સ્વ.શ્રી જીવાભાઈ પોલાભાઈ સાંખટ નું મરણ તા.૦૧/૦૧/૧૯૮૫ નાં** રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમની વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૬ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૬/૧૨/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# આપ નેતા સંજય સિંહ અને સૌરભ ભારદ્વાજનાં સીએમ આવાસની બહાર ધરણા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૦૮



આમ આદમી પાર્ટી (આપ)ના નેતાઓ સંજય સિંહ અને સૌરભ ભારદ્વાજને બુધવારે દિલ્હીના મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાનમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. જેના પર આપ નેતાઓ અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ પછી બંને નેતાઓ હડતાળ પર બેસી ગયા. આપ નેતાઓને પરિસરમાં પ્રવેશતા અટકાવવા માટે પોલીસે ૬, ફ્લેગસ્ટાફ રોડ બંગલાની સામે બેરીકેટ્સ ગોઠવી દીધા હતા અને સૈનિકો તૈનાત કરી દીધા હતાં. આપ નેતાઓએ મીડિયાને મુખ્યમંત્રીના નિવાસસ્થાને આવવાનું આમંત્રણ આપ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓએ નિવાસસ્થાનમાં પ્રવેશવાની પરવાનગી માંગી છે, ત્યારે સિંહ અને ભારદ્વાજે પત્રકારોને કહ્યું કે, 'અમને મુખ્ય પ્રધાનના નિવાસસ્થાનમાં પ્રવેશવાની પરવાનગી મેળવવા માટે અધિકારીઓ સાથે વાત કરવી પડી હતી.' ભારદ્વાજ એક અધિકારીને કહેતા સાભળાયા હતા, "તમને કોણે અમને રોકવાની સૂચના આપી? હું મંત્રી છું અને અહીં નિરીક્ષણ કરવા આવ્યો છું. તમે મને કેવી રીતે અને કોના આદેશ પર રોકી શકો? શું તમને લેફ્ટનન્ટ ગવર્નર તરફથી સૂચનાઓ મળી છે?

# દેશમાં એચએમપીવીના ૯ કેસ, મુંબઈમાં ૬ મહિનાની બાળકી વાયરસથી સંક્રમિત

નવીદિલ્હી,તા.૦૮



ચીનમાં તબાહી મચાવતા કોરોના વાયરસ જેવા હ્યુમન મેટાપ્યુમોવાયરસના કેસો હવે ભારતમાં જોવા મળી રહ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૯ કેસ નોંધાયા છે. નવમો કેસ બુધવારે મુંબઈમાં જોવા મળ્યો હતો. અહીં એક ૬ મહિનાની બાળકી મેટાપ્યુમોવાયરસથી સંક્રમિત મળી આવી છે. યુવતી ૧ જાન્યુઆરીથી બીમાર હતી. ખાંસી, છાતીમાં જકડ અને ઓક્સિજનનું સ્તર ૮૪% સુધી ઘટી જવાને કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જોકે હવે તે સ્વસ્થ છે. સારવાર બાદ તેની સ્થિતિ નિયંત્રણમાં છે. અત્યાર સુધીમાં મહારાષ્ટ્રમાં મેટાપ્યુમોવાયરસના ૩ કેસ, કર્ણાટક અને તમિલનાડુમાં ૨-૨, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં ૧-૧ કેસ મળી આવ્યો છે.

કેન્દ્ર સરકારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને પહેલેથી જ કહ્યું છે કે આપણે સમયાંતરે હ્યુમન મેટાપ્યુમોવાયરસ સંબંધિત અપડેટ આપતા રહેવું જોઈએ. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું છે કે ભારતનું સર્વેલન્સ નેટવર્ક સતર્ક છે. દેશ કોઈપણ ઉભરતા સ્વાસ્થ્ય પડકારનો તરત જ જવાબ આપવા તૈયાર છે.

# યુએસ સાંસદે અદાણી ગ્રૂપની કંપનીઓની તપાસ કરવાના બાઈડેનના નિર્ણયને પડકાર્યો

નવીદિલ્હી,તા.૦૮

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમની કંપનીઓની પ્રવૃત્તિઓની તપાસ કરવાના યુએસ વહીવટીતંત્રના નિર્ણયને એક પ્રભાવશાળી રિપબ્લિકન સાંસદે પડકાર્યો છે. સાંસદનું કહેવું છે કે આવી પસંદગીની ક્રિયાઓને કારણે મહત્વપૂર્ણ ગઠબંધન ભાગીદારોને નુકસાન થવાનો ભય છે. હાઉસ જ્યુડિશિયરીના સભ્ય કોંગ્રેસમેન લાન્સ ગુડને યુએસ એટર્ની જનરલ મેરિક બી. ગારલેન્ડને સખત શબ્દોમાં પત્ર લખ્યો છે. જેમાં તેણે ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ પાસેથી વિદેશી સંસ્થાઓ સામેની પસંદગીયુક્ત કાર્યવાહી અને આ પ્રકારની કાર્યવાહીથી અમેરિકાના વૈશ્વિક જોડાણો અને આર્થિક વિકાસને સંભવિત નુકસાન અંગે જવાબ માંગ્યો છે અને એવો પ્રશ્ન પણ પૂછ્યો છે કે શું તેનો ત્યાં જ્યોર્જ સોરોસ સાથે કોઈ સંબંધ છે?.

# મધ્યપ્રદેશમાં ભાજપના નેતાઓને ત્યાં આઈટીના દરોડામાં ૧૫૦ કરોડથી વધુની કરચોરી ઝડપાઈ

(એચ.એસ.એલ),સાગર,તા.૦૮



મધ્યપ્રદેશના સાગર જિલ્લાના બાંદાના પૂર્વ ભાજપના કાઉન્સિલર રાજેશ કેશરવાની અને પૂર્વ ધારાસભ્ય હરવંશ સિંહ રાઠોડના ઘરે આવકવેરા વિભાગના દરોડામાં કરોડોની સંપત્તિનો ખુલાસો થયો છે. પૂર્વ ધારાસભ્યના કેસમાં ૧૫૦ કરોડથી વધુની કરચોરી ઝડપાઈ છે. સૂત્રોનું માનીએ તો આ સમગ્ર મામલો મની લોન્ડરિંગ, કન્સ્ટ્રક્શન, દારૂ અને બીડીના વ્યવસાય અને કરચોરી સાથે જોડાયેલો છે. આવકવેરા વિભાગે ત્રણ દિવસના ઓપરેશનમાં આ નાણાં ધીરનારનો પર્દાફાશ કર્યો છે. ભાજપના પૂર્વ ધારાસભ્યએ કરોડોની કમાણી જાહેર કર્યા બાદ પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે, જ્યારે મધ્ય પ્રદેશ કોંગ્રેસે સરકાર અને ભાજપ પર નિશાન સાધ્યું છે. એક્સ પર પોસ્ટ કરતી વખતે મધ્ય પ્રદેશ કોંગ્રેસે લખ્યું- ભાજપના પૂર્વ ધારાસભ્યના ઘરેથી ૧૪ કિલો સોનું અને કરોડોની રોકડ, પૂર્વ કાઉન્સિલર સહિતની સંપત્તિ ૨૦૦ કરોડને પાર!! જે રીતે અંગ્રેજોએ દેશને લૂંટ્યો હતો, તેવી જ રીતે ભાજપે રાજ્યને લૂંટ્યું છે! તેના ભ્રષ્ટ જનપ્રતિનિધિઓએ પોતાની તિજોરી ભરીને રાજ્યને ગરીબીમાં મૂકી દીધું છે! વહેલી સવારે, આવકવેરા વિભાગના અધિકારીઓએ ૫૦ થી વધુ વાહનોમાં સાગરના સદરમાં ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય હરવંશ સિંહ રાઠોડના બંગલામાં દરોડા પાડ્યા હતા.

# દિલ્હીમાં પ્યારી દીદી બાદ કોંગ્રેસે ૨૫ લાખ રૂપિયાની જીવન વીમા યોજનાની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૦૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. આવી સ્થિતિમાં તમામ પક્ષો મતદારોને રીઝવવાની કોઈ તક છોડતા નથી. દિલ્હીમાં પ્યારી દીદી બાદ કોંગ્રેસે ૨૫ લાખ રૂપિયાની જીવન વીમા યોજનાની જાહેરાત કરી છે. આ ગેરંટી હેઠળ, જો દિલ્હીમાં સરકાર બનશે તો દરેક દિલ્હીવાસીને કોંગ્રેસ તરફથી ૨૫ લાખ રૂપિયાનો વીમો મળશે. કોંગ્રેસે આ ગેરંટીનું નામ જીવન રક્ષા યોજના રાખ્યું છે. આ પહેલા કોંગ્રેસે દિલ્હીમાં મહિલાઓ માટે મોટી જાહેરાત કરી છે. તાજેતરમાં કોંગ્રેસે દિલ્હીની મહિલાઓ માટે પ્યારી દીદી યોજનાની જાહેરાત કરી છે. કોંગ્રેસની આ યોજના હેઠળ જો સરકાર બનશે તો મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે. પ્યારી દીદી યોજનાની જાહેરાત સમયે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર હાજર હતા. યોજનાની જાહેરાત પર, તેમણે કહ્યું હતું કે અમે કર્ણાટકમાં જે મોડલ લાગુ કર્યું હતું તે જ મોડેલ અહીં લાગુ કરીશું.

**દિલીપભાઈ સંઘાણી અને પરશોત્તમ રૂપાલાનાં માર્ગદર્શન હેઠળ સ્થપાયેલ અમર ડેરી ખાતે**

# ગીર ગાયના સંવર્ધન અને એબ્રિઓ પ્રોજેક્ટ જોવા માટે ક્યુબા દેશથી આવેલ ડેલિગેશન અમર ડેરી-અમરેલીની મુલાકાતે

અમરેલી, તા.૦૮







અમર ડેરી અમરેલી ખાતે ક્યુબા દેશનું ડેલિગેશન અમર ડેરીની મુલાકાતે આવેલ. જેમાં સંઘનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, મિસ્ટર અલઈન- પ્રેસિડેન્ટ ઓફ લાઈવ સ્ટોક એનિમલ ગૃપ રીપ્લીક ઓફ કયુબા, મિસ્ટર સેસર લિવાન- ડાયરેક્ટર લાઈવ સ્ટોક કંપની, મિસિસ ડેયામેનિય-ઈન્ટરનેશનલ રિલેશનશીપ ઓફિસર-મિન્સ્ટ્રી ઓફ એગ્રિકલ્ચર ઓફ રીપ્લીક ઓફ ક્યુબા, મિસ્ટર અબેલ -ડેપ્યુટી હેડ ક્યુબા એમ્બેસી, અમર ડેરીનાં એમ.ડી. ડો.આર. એસ. પટેલ તથા સંઘના ડિરેકટરો ચંદુભાઈ રામાણી, અરૂણાબેન માલાણી તથા રેખાબેન કાકડીયા, જનરલ મેનેજર, ફેડરેશન અને સંઘના અધિકારીગણ હાજર રહ્યા હતા. આ સાથે સેન્ટર ઓફ એકસેલન્સના પ્રોજેકટનું જીણવટપૂર્વક નિરીક્ષણ કરી ક્યુબા દેશના તેમના વેટરનરી ડોકટરોને આ સેન્ટર ખાતે ટ્રેનિંગ આપવા અંગે માંગ કરી અને ગીર ગાયના તૈયાર એબ્રિઓને ખરીદવા માટે પણ માંગણી કરી હતી. દૂધ ઉત્પાદન વધારીને આર્થિક સમૃધ્ધિ વધે તે અંગેની વિસ્તૃત માહિતી ચેરમેન તથા ડિરેકટરોની ઉપસ્થિતિમાં સંઘના એમ.ડી ડો.આર.એસ. પટેલ, ડો. એસ.પી. ધ્રાંગુ અને ડો. રાઘવેન્દ્ર કુમાર અને ડો. યશ વઘાસીયા દ્વારા આપવામાં આવેલ હતી.

# શેખ હસીના બાદ પૂર્વ વડાપ્રધાન ખાલિદા જિયાએ પણ બાંગ્લાદેશ છોડયું


(એચ.એસ.એલ),ઢાકા,તા.૦૮



બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના બાદ હવે તેમના હરીફ અને પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાએ પણ દેશ છોડી દીધો છે. ખાલિદા ઝિયાએ એવા સમયે બાંગ્લાદેશ છોડી દીધું છે જ્યારે મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકારના કાર્યકાળ દરમિયાન તેઓ ઘણા મોટા કેસોમાં નિર્દોષ છૂટી ગયા છે અને તેમને દેશના નવા ભાવિ પીએમ તરીકે જોવામાં આવી રહ્યા છે. પરંતુ શું કારણ છે કે દેશમાં ચૂંટણીની તારીખો જાહેર થાય તે પહેલા જ ખાલિદ ઝિયા બાંગ્લાદેશ છોડી ગયા છે. વાસ્તવમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે પૂર્વ વડાપ્રધાન ખાલિદા જિયા કોઈ ગંભીર બીમારીથી પીડિત છે અને તેઓ પોતાની સારવાર માટે મંગળવારે દેશની રાજધાનીથી લંડન જવા રવાના થઈ ગયા છે. જિયાના સલાહકારે આ માહિતી આપી. ખાલિદાના સલાહકાર ઝહીરુદ્દીન સ્વપને ફોન પર જણાવ્યું હતું કે ત્રણ વખતના વડાપ્રધાન અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વડા રહેલા ખાલિદા મંગળવારે મોડી રાત્રે 'એર એમ્બ્યુલન્સ'માં હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી નીકળ્યા હતા.

# મહારાષ્ટ્રમાં વિચિત્ર રોગ: ૩ દિવસમાં ૩૦ લોકો સંપૂર્ણ ટાલ પડવાનો શિકાર બન્યા

મુંબઈ,તા.૮



મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના ત્રણ ગામોમાં એક વિચિત્ર રોગ ફેલાઈ રહ્યો છે. લોકોને ત્રણ દિવસમાં સાવ ટાલ પડી રહી છે. તેનું કારણ શું છે તે કોઈ જાણતું નથી. આરોગ્ય વિભાગની ટીમ ગામડાઓમાં કેમ્પ કરી રહી છે. અત્યાર સુધીમાં ૩ દિવસમાં ૩૦ લોકો સંપૂર્ણ ટાલ પડવાનો શિકાર બન્યા છે. કોરોના વાયરસ બાદ દેશમાં ચીનથી ફેલાતા નવા વાયરસને લઈને ઘણી ચર્ચા ચાલી રહી છે. દરમિયાન મહારાષ્ટ્રમાંથી એક સમાચાર નવું ટેન્શન આપી રહ્યા છે. જી હા, મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના ત્રણ ગામોમાં એક વિચિત્ર રોગ ફેલાઈ રહ્યો છે. અહીં લોકોના વાળ માત્ર ત્રણ દિવસમાં જ ઝડપથી ખરી ગયા છે. ગામડાઓમાં ભયનો માહોલ છે. આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત ગામોમાં સર્વે શરૂ કર્યો છે, પરંતુ હજુ સુધી ચોક્કસ કારણ જાણી શકાયું નથી. લોકોના મનમાં પ્રશ્ન થાય છે કે શું આ નવો વાયરસ છે?

# ધમકી આપવા મુદે નાથાલાલ સુખડીયાની પોલીસને રજૂઆત

**આરોપો ખોટા છે : નારણ કાછડીયા**

અમરેલી, તા.૦૮

અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા વિરૂધ્ધ દેવભૂમિ દેવળીયાનાં સરપંચપતિ નાથાલાલ સુખડીયાએ પોલીસમાં અરજી કરતા ચકચાર મચી જવા પામી છે. નાથાલાલ સુખડીયાએ પોલીસમાં રજૂઆત કરતા જણાવ્યું છે કે સવારે તેના ભાણેજ ચેતન ધાનાણીનાં વ્હોટસએપ કોલમાં ગૌચર દબાણ અને ગેરકાયદેસર ખનન બાબતે નાથાલાલ સુખડીયાને સમજાવી દેજો નહીંતર જાહેરમાં ટાંટિયા ભાંગી નાખીશ તેવી ધમકી પૂર્વ સાંસદે આપવાનું જણાવ્યું હતું. આ અંગે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવ્યું હતું કે, આ આરોપો સદંતર ખોટા છે અને આવા પ્રકારની ધમકી અંગેનો કોઈ બનાવ બન્યો જ નથી.

# નીતિશકુમારે બિહારને સમૃધ્ધ કરવાના બદલે બરબાદ કરી નાખ્યું: તેજસ્વી યાદવ

(એચ.એસ.એલ),પટણા,તા.૮



બિહારના પટનામાં બીપીએસસીના વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ પ્રદર્શન ચાલુ છે. બિહાર સરકાર દ્વારા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો, તેમ છતાં વિદ્યાર્થીઓ તેમની માંગ પર અડગ છે. હવે આરજેડી નેતા તેજસ્વી યાદવે સોશિયલ મીડિયા સાઈટ X પર આ મામલે નિવેદન આપ્યું છે. તેમણે ટ્વિટર પર લખ્યું, 'નિવૃત્ત અધિકારીઓ સાથે થાકેલા મુખ્યમંત્રીએ બિહારના યુવાનોની આશાઓને નિરાશામાં ફેરવી દીધી છે. જાહેરાતો દ્વારા ખોટા પ્રચાર પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. બિહારીઓનું જીવન સમૃદ્ધ બનાવવાને બદલે તેને બરબાદ કરી નાખ્યું છે. બિહારની પ્રગતિ દુ:ખની આગમાં ધકેલી દેવામાં આવી છે. તેમણે આગળ લખ્યું, 'બેભાન સરકાર અને તેના વડાના નેતૃત્વમાં માત્ર એક વરસાદમાં સેંકડો પુલ અને કલ્વર્ટ તૂટી પડ્યા છે. બે દાયકાથી તમામ પ્રકારની પરીક્ષાઓ પેપર લીક અને ગોટાળાને આધિન છે.

# કચ્છ યુનિવર્સિટીમાં ગેરકાયદે ભરતી કરાતી હોવાનો આક્ષેપ લગાવાયો

(એચ.એસ.એલ),ભુજ,તા.૮



કચ્છ યુનિવર્સિટીમાં સત્તાધીશોએ ભરતીમાં કૌભાંડ આચર્યુ છે. કચ્છ યુનિવર્સિટીમાં ગેરકાયદે ભરતી કરાતી હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો છે. સત્તાધીશોએ નિયમો ભંગ કરી કોન્ટ્રાક્ટના કર્મચારીઓને કાયમી કર્યા અને ગેરકાયદેસર ભરતી કરાતી હોવાની શિક્ષણ વિભાગમાં અરજી કરવામાં આવી છે. યુનિવર્સિટીમાં ગેરકાયદેસર ભરતી કરાતી હોવાને લઈને હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. કચ્છ યુનિવર્સિટીમાં ૧ આસિ.રજિસ્ટ્રાર અને ૪ સેક્શન ઓફિસરની ગેરકાયદે ભરતી કરવામાં આવી છે.

પ્રદીપ નામના ઉમેદવાર દ્વારા કોર્ટમાં અરજી કરી છે. પ્રદીપની અરજી પર કોર્ટે જવાબ માંગતા સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન પર ૨૩ ડિસેમ્બરના રોજ ઓરલ ઓર્ડર કર્યો હતો. કચ્છ યુનિવર્સિટીમાં ભરતી કૌભાંડમાં હાઈકોર્ટમાં અરજી કરાયા બાદ મામલો ચકડોળે ચડ્યો છે. આસિ.રજિસ્ટ્રાર અને સેકશન ઓફિસરની ગેરકાયદેસર ભરતી કરાઈ હોવા મુદ્દે જવાબદારો પાસેથી સ્પષ્ટતાની માંગ કરી છે. રજિસ્ટ્રાર અને સેકશન ઓફિસરનું કહેવું છે કે તેઓએ સંયુક્ત રીતે નિમણૂંકમાં વિલંબને લઈને યુનિવર્સિટી વિરુદ્ધ કેસ કર્યો હતો. જેને પગલે યુનિવર્સિટીના કુલપતિ અને ઈન્ચાર્જ કુલપતિએ ભરતી કરી હતી. ઉમેદવારો પોતાની લાગવગના આધારે યુનિવર્સિટીમાં ભરતી કરાવતા હતા.

# સ્થળો તૈયાર ન થવાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની પાકિસ્તાન પાસેથી છીનવાઈ શકે છે

ઈસ્લામાબાદ,તા.૮





પાકિસ્તાન અને તેના ક્રિકેટ બોર્ડ પીસીબી પર હાલમાં મોટો ખતરો મંડરાઈ રહ્યો છે. આખી દુનિયા સામે પાકિસ્તાનને શરમનો સામનો કરવો પડી શકે તેવો ખતરો છે. હવે તમે વિચારતા હશો કે મામલો શું છે? હકીકતમાં, એવા અહેવાલો છે કે પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીના હોસ્ટિંગ અધિકારો ગુમાવી શકે છે કારણ કે તેના સ્થળો હજુ સુધી તૈયાર થયા નથી. ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯મી ફેબ્રુઆરીથી શરૂ થવાની છે અને પ્રથમ મેચ પાકિસ્તાનમાં રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફીની મેચો પાકિસ્તાનના ૩ સ્ટેડિયમ લાહોર, રાવલપિંડી અને કરાચીમાં યોજાવાની છે. આશ્ચર્યની વાત એ છે કે આ ત્રણેય સ્ટેડિયમ હજુ તૈયાર નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારતને ઘરઆંગણે રમવા માટે આઈસીસી સાથે મોટી લડાઈ લડી હતી. પીસીબી ઈચ્છતું હતું કે ટીમ ઈન્ડિયા ટૂર્નામેન્ટ રમવા માટે તેમના દેશમાં પ્રવેશે, જેને બીસીસીઆઈએ સ્પષ્ટપણે ના પાડી દીધી. આખરે પીસીબી હાઈબ્રિડ મોડલ માટે રાજી થઈ ગયું અને ટીમ ઈન્ડિયા તેની મેચ દુબઈમાં રમવા જઈ રહી છે. પરંતુ હવે જો આખી ટૂર્નામેન્ટ દુબઈમાં શિફ્ટ કરવામાં આવશે તો તેથી ચોક્કસપણે પાકિસ્તાનની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડશે.

# મકરસંક્રાંતિ બાદ રાજ્ય સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થવાની શક્યતા

ગાંધીનગર,તા.૦૮

છેલ્લા કેટલાક સમયથી ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણની જબરજસ્ત ચર્ચા ચાલી રહી છે. સચિવાલયમાં મંગળવારે ભાજપ અને કોંગ્રેસના અનેક ધારાસભ્યો તેમજ નેતાઓ આવ્યા હતા. જેમાંથી કેટલાય ધારાસભ્યોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની તેમજ અન્ય મંત્રીઓની મુલાકાત લીધી હતી. જેને પગલે ફરીથી વિસ્તરણની ચર્ચા શરૂ થઈ છે. જે મુજબ, ૧૫મી જાન્યુઆરી બાદ કોઈપણ સમયે મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. જેમાં કેટલાક ચોંકાવનારા અને મોટા ફેરફારોની સંભાવના જોવાઈ રહી છે. એ પહેલા ભાજપ સંગઠનમાં સૌથી મોટી જવાબદારી ગણાતી જગ્યા એટલે કે પક્ષ પ્રમુખની નિમણૂક કરી દેવાશે. ચર્ચા મુજબ, હાલના મંત્રીમંડળમાં રહેલા અનેક મંત્રીઓની કામગીરી ખુબ જ નબળી છે. વહીવટી તંત્ર ઉપર તેમનો કોઈ જ કાબુ નથી. કેટલાક મંત્રીઓ તો તેમના જ ડિપાર્ટમેન્ટના આઈએએસ સહિતના અધિકારીઓ જોડે ઝઘડતા હોય છે. મંત્રી અને જે તે વિભાગના વહીવટી તંત્ર સાથે કોઈ જ ટ્યુનીંગ દેખાતું નથી. જેને કારણે વિભાગની કામગરી ખોરંભે પડે છે. આ પ્રકારની અનેક બાબતોની જાણકારી મુખ્યમંત્રીને પહોંચાડી દેવાઈ છે. એટલું જ નહી, દિલ્હી ભાજપ હાઈ કમાન્ડને પણ હવે આ વિગતોની જાણકારી આપી દેવાઈ છે. અગાઉની ચર્ચા મુજબ, હાલના મંત્રીમંડળમાં ત્રણથી ચાર નાના ફેરફારો થવાના હતા હવે છેલ્લી ચર્ચા મુજબ તેમાં મોટા ફેરફારો દેખાઈ રહ્યા છે. ખાસ કરીને જે મંત્રીઓનું પરફોર્મન્સ નબળુ છે. તેમની હકાલપટ્ટી નિશ્ચિત છે. એટલુ જ નહી, કેટલાક મંત્રીઓને ભાજપના સંગઠનની જવાબદારી સોંપાશે.

# સુરતમાંથી ૧૦ લાખ રૂપિયાની કિંમતનું ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણ જપ્ત કરાયું

સુરત,તા.૦૮

સુરત એપીએમસીમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ લસણ જપ્ત કરાયું છે. ૧૦ લાખ રૂપિયાની કિંમતનું ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણ જપ્ત કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તમને જણાવી દઈએ કે દેશમાં ચાઈનીઝ લસણના વેચાણ પર પ્રતિબંધ છે ત્યારે સુરત એપીએમસીએ ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણનો નાશ કર્યો છે. ૨૦૧૪થી ચાઈનીઝ લસણના વેચાણ પર પ્રતિબંધ છે. ચાઈનીઝ લસણનું કદ નાનું, રંગ આછો સફેદ અથવા આછો પિંક કલર હોય છે. ત્યારે સુરત એપીએમસીએ ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણનો નાશ કરી દીધો છે. સુરત એપીએમસીમાં વેચાણ અર્થે મૂકવામાં આવેલા લસણ પર એપીએમસીના સ્ટાફને શંકા જતાં તેમણે તાત્કાલિક ક્રોસ વેરિફિકેશન કર્યું હતું. આ પછી આ



ચાઈનીઝ લસણ હોવાની માહિતી મળતા જ લસણની ૪૩ ગુણી જપ્ત કરી લેવામાં આવી હતી. આ જપ્ત કરાયેલા લસણની અંદાજિત કિંમત રૂપિયા ૧૦ લાખ હોવાની માહિતી મળી છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પણ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાંથી ચાઈનીઝ લસણ મળી આવ્યું હતું અને ત્યારે પણ ચાઈનીઝ લસણનો મુદ્દો ઘણો ઉછાળ્યો હતો. આ લસણ કેટલું જોખમી છે તેની વાત કરીએ તો આપણા સામાન્ય લસણ જેવું જ દેખાતું આ ચાઈનીઝ લસણ આરોગવાથી કેન્સર થાય છે.

# ઠંડા પવનને કારણે રાજ્યમાં કડકડતી ઠંડીનો અનુભવ

અમદાવાદ,તા.૦૮

ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન આઠ ડિગ્રીથી ઓછુ થવાની પ્રબળ શક્યતાઓ છે. કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આઠ ડિગ્રી તાપમાન થઈ શકે છે. આગામી તારીખ ૧૨ થી ૧૮ જાન્યુઆરી સુધી રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થઈ શકે છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં માવઠું થવાની પ્રબળ શક્યતાઓ છે. અમદાવાદ અને ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં પણ હવામાનમાં પલટો આવશે. આ ઉપરાંત દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ક્યાંક છાંટા પણ પડી શકે છે. ગુજરાતમાં ફરી એક વખત ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે. ઉત્તર ભારતના રાજ્યોમાં ભારે હિમવર્ષાને કારણે ત્યાંના ઠંડા પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે, જેને કારણે છેલ્લા બે દિવસમાં ગુજરાતનું તાપમાન ચારથી પાંચ ડિગ્રી જેટલુ ગગડ્યું છે.

# ડિસેમ્બર મહિનામાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૮ કરોડની વીજચોરી ઝડપાઈ

(એચ.એસ.એલ),ભુજ,તા.૦૮

સૌરાષ્ટ્ર-કચ્છમાં મોટાપાયે વીજચોરી ઝડપાઈ છે. વાસ્તવમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વીજચોરી પકડવા ડ્રાઈવ યોજાઈ હતી. આ તરફ પીજીવીસીએલ ટીમે ડિસેમ્બર મહિનામાં કુલ ૨૮.૯૭ કરોડની વીજચોરી પકડી પાડી હોવાનું સામે આવ્યું છે. આ સાથે કુલ ૭૬૬૮ વીજ




જોડાણો વિરૂધ્ધ કાર્યવાહી કરી ૨૮.૯૭ કરોડની ચોરી પકડી હોવાનું ખૂલ્યું છે. રાજ્યમાં વીજચોરીને લઈ મોટી કાર્યવાહી સામે આવી છે. વિગતો મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વીજચોરી પકડવા યોજવામાં આવેલ ડ્રાઈવમાં વાયરથી મીટર બાયપાસ, ટેરીફ ચેન્જ, લોડ વધારો વગેરે ગેરરીતિ સામે આવી હતી. જેમાં ડિસેમ્બર મહિનામાં પીજીવીસીએલ ટીમે ડિસેમ્બર મહિનામાં કુલ ૨૮.૯૭ કરોડની વીજચોરી પકડી છે. નોંધનિય છે કે, સૌથી વધુ રકમની વીજચોરી ભાવનગરમાંથી પકડાઈ છે. આ તરફ ૭ હજાર ૬૬૮ વીજ જોડાણ વિરુદ્ધ પીજીવીસીએલની કાર્યવાહીથી વીજચોરી કરતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ભરૂચના અંકલેશ્વર નેશનલ હાઈવે પર ટ્રકમાં કાર ઘૂસી જતા ત્રણ લોકોના મોત



પાલનપુર,તા.૦૮

રાજ્યમાં અકસ્માતોની વણઝાર વચ્ચે ગુજરાતમાં આજે બે મોટી ગોઝારી ઘટનાઓ બની છે. જેમાં બનાસકાંઠાના કાંકરેજમાં હિટ એન્ડ રનની ઘટના બની હતી, અજાણ્યા વાહનની ટક્કરે બે લોકોના કરૂણ મોત નિપજ્યા હતા, તો ભરૂચના અંકલેશ્વરમાં નેશનલ હાઈવે પર ટ્રકમાં કાર ઘૂસી ગઈ હતી જેના કારણે ત્રણ લોકોના દર્દનાક મોત નિપજ્યા હતા. ભરૂચના અંકલેશ્વર નેશનલ હાઈવે પર ગોઝારા અકસ્માતની વાત કરીએ તો નેશનલ હાઈવે નંબર-૪૮ પર મુંબઈ જતા બાકરોલ બ્રિજ પાસે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કાર ટ્રક પાછળ ધડાકાભેર ઘૂસી હતી. જેમાં પરિવારના ૭ પૈકી ૩ના ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ, ક્રેન અને ફાયર વિભાગની મદદથી રેસ્ક્યુ કરી ૪ ઈજાગ્રસ્તોને બહાર કાઢી ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખેસેડાયા હતા. જ્યાંથી ઈજાગ્રસ્તોને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જાણવા મળી રહ્યું છે કે જે પરિવારને અકસ્માત નડ્યો છે, તે અજમેરથી પરત મુંબઈ જતો હતો, જ્યાં રસ્તામાં અકસ્માત નડ્યો હતો. મૃતકોમાં તાહીર શેખ (ઉ.વ. ૩૨),આયર્ન ચોગલે (ઉ.વ.૨૩) મુદસરન જાટ (ઉ.વ.૨૫)નો સમાવેશ થાય છે ઘટનાને પગલે હાઈવે પર લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. પાનોલી પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. પરિવારના ૭માંથી ત્રણ લોકોના ઘટના સ્થળે મૃત્યું થયું હતા. ઘટનાને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સ, ક્રેન અને ફાયર વિભાગની મદદથી રેસ્ક્યુ કરી ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર અર્થે ખસેડાયા હતા.






# ખેડા જિલ્લાના રાજકારણમાં ગરમાવો : સહકારી સંઘની ચૂંટણીમાં આદેશની ઐસીતૈસી

(એચ.એસ.એલ),ખેડા,તા.૦૮

ખેડા જિલ્લા સહકારી સંઘના સંચાલક મંડળના સભ્યોની કુલ ૧૩ બેઠકોમાંથી બાકી રહેલી પાંચ બેઠકો માટે ૪ જાન્યુઆરીના રોજ ચૂંટણી યોજાઈ હતી. ખેડા જિલ્લા સહકારી સંઘની ભવ્ય જીત વચ્ચે ખેડા જિલ્લાના રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો. ભાજપના સ્થાનિક આગેવાનોએ પૂર્વ ધારાસભ્ય અને ભાજપ નેતા કેસરીસિંહ સોંલકી સામે આક્ષેપો કર્યા છે. ભાજપના પૂર્વ



ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી વિરુદ્ધ માતર વિધાનસભા વિસ્તારના સંગઠને નારાજગી વ્યક્ત કરતા રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. પૂર્વ ધારાસભ્ય વિરુદ્ધ આક્ષેપો લાગ્યા છે કે બે-બે વખત પાર્ટી વિરુદ્ધ જઈ પાર્ટીને હારનો સામનો કરાવ્યો છે. કેસરીસિંહે માતર એપીએમસીની ચૂંટણીમાં કોંગ્રેસના ચેરમેન બનાવવા જાહેરમાં ટેકો આપ્યો હતો. ખેડા જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં પાર્ટીના મેન્ડેટ વિરુદ્ધ પૂર્વ ધારાસભ્યએ ઉમેદવારી કરી હતી. આ તમામ આક્ષેપ સાથે માતર વિધાનસભાના ધારાસભ્ય, ત્રણ તાલુકા અને શહેર મંડળના પ્રમુખ સહિત કાર્યકર્તાઓ કમલમ પહોંચ્યા હતા.






# ચાઈનીઝ એપથી લોન લેવી ભારે પડી, વ્યાજખોરોએ શારીરિક શોષણ કર્યું

(એચ.એસ.એલ),વડોદરા,તા.૦૮

વ્યાજખોરીનું દુષણ સમાજમાં એટલું પ્રચલિત થઈ ગયું છે કે આ દુષ્ટ વર્તુળમાં ફસાયેલ વ્યક્તિ કંઈપણ કરીને તેમાંથી બહાર આવી શકતી નથી. દરરોજ રાજ્યના કોઈને કોઈ ખૂણેથી વ્યાજખોરોના સમાચારો પ્રકાશમાં આવતા રહે છે. ત્યારે આવો જ એક કિસ્સો વડોદરામાંથી પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક યુવતી લોન અને વ્યાજના ચક્કરમાં ફસાઈ ગઈ છે. મળતી માહિતી અનુસાર, વડોદરાના અલકાપુરીમાં એક યુવતીને ચાઈનીઝ એપમાંથી લોન લેવી ભારે સાબિત થઈ છે. જો તે લોન નહીં ચૂકવે તો યુવતીને તેના અશ્લીલ ફોટો વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હતી. યુવતીને ધમકી આપવામાં આવી હતી કે જો તે લોન નહીં ચૂકવે તો ગંદા મેસેજ અને ન્યૂડ ફોટા વાયરલ કરવામાં આવશે. આ લોન ચુકવવા માટે યુવતીએ અલગ-અલગ સમયે સાત લોકો પાસેથી અલગ-અલગ રકમ લીધી હતી, પરંતુ બાદમાં વ્યાજખોરોએ યુવતી પર પૈસા પડાવવાનું દબાણ કરીને તેનું શારીરિક શોષણ કર્યું હતું.











